Wednesday 28, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૪૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## નગવાસની આગમાં ૩ કંપનીના વેરહાઉસ લપેટાયા

### શોર્ટ સર્કિટથી લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું : ધુમાડાના ગોટેગોટા લાંબે સુધી દેખાતા ભય : જિલ્લામાં ફાયર બ્રિગેડે મેજર કોલ જાહેર કરવો પડયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ, તા. ૨૭ :** ઉમરગામ તાલુકાના ભીલાડ નજીક આવેલા નગવાસગામે આવેલી ઔદ્યોગિક વસાહતમાં મંગળવારે બપોરે ભીષણ આગ ફાટી નીકળતા ભારે અફરાતફરી મચી હતી. લોજિસ્ટિક ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલા ત્રણ વેરહાઉસ આગની ઝપેટમાં આવી જતાં તંત્ર દ્વારા મેજર કોલ જાહેર કરવો પડ્યો હતો. બનાવની પ્રાપ્ત માહિતી મુજબ, યુનોવેલ પ્લાસ્ટિક બેગ બનાવતી કંપનીમાં આજે બપોરે શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. પ્લાસ્ટિકનો જથ્થો હોવાથી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આગની જ્વાળાઓએ બાજુમાં આવેલા ગલ્ફ અને હિન્દુસ્તાન પેન્સિલ કંપનીના વેરહાઉસને પણ લપેટમાં લઈ લીધા હતા. ઘટનાની જાણ થતાં જ આકાશમાં ઊંચે સુધી કાળા ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા, જે દૂર દૂર સુધી દેખાતા હતા. સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. બનાવની જાણ થતાં ઉમરગામ, સરીગામ, વાપી મહાનગરપાલિકા અને નોટિફાઈડ વિસ્તારની ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરો દ્વારા મોડી સાંજ સુધી પાણીનો સતત મારો ચલાવી આગને કાબૂમાં લેવાના અથાગ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોલીસનો કાફલો પણ સ્થળ પર પહોંચી ભીડને નિયંત્રિત કરી રહ્યો છે. સદનસીબે આ ઘટનામાં અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ સામે આવ્યા નથી, પરંતુ ત્રણેય વેરહાઉસમાં રહેલો લાખો રૂપિયાનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હોવાનું અનુમાન છે. આગનું ચોક્કસ કારણ અને નુકસાનનો આંકડો આગ કાબૂમાં આવ્યા બાદ જ સ્પષ્ટ થશે.

## ભીલાડમાં રૂા. ૫.૪૩ કરોડના દારૂ પર બુલડોઝર ફેરવાયું

### સૌથી વધુ પારડીનો રૂા. ૧.૯૬ કરોડના જયારે સૌથી ઓછો ઉમરગામ મરીનનો રૂા. ૨૧ હજારના દારૂના જથ્થાનો નાશ કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૨૭ :** વલસાડ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાં વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રોહીબિશનના ગુનામાં જપ્ત કરેલ કુલ રૂા. ૫ કરોડથી વધુના દારૂના જથ્થાને આજે તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ ભીલાડ આરટીઓ શેડ પોસ્ટ ખાતે પ્રાંત અધિકારી વલસાડ વિભાગ, પારડી વિભાગ, ધરમપુર વિભાગ તથા વિભાગીય પોલીસ અધિક્ષક વલસાડ વિભાગ, વાપી વિભાગ, ધરમપુર વિભાગ તથા ઈન્સ્પેક્ટર નશાબંધી અને આબકારી વિભાગ વલસાડ તેમજ જિલ્લાના તમામ થાણા અધિકારીઓની ઉપસ્થિતિમાં નાશ કરવામાં આવ્યો હતો. આ જથ્થામાં પારડી સબ ડિવિઝનના પારડી, વાપી ટાઉન, વાપી ઉદ્યોગનગર, વાપી ડુંગરા, ભીલાડ, ઉમરગામ, મરીન ઉમરગામ, વાપી રેલ્વે અને સરીગામ પોલીસ સ્ટેશનની કુલ ૧,૩૯,૫૬૭ બોટલ કિંમત **રૂ.૩,૪૬,૬૮,૭૫૪** અને વલસાડ તથા ધરમપુર સબ ડિવિઝનના ધરમપુર, નાનાપોંઢા, કપરાડા, વલસાડ સીટી, વલસાડ રૂરલ, ડુંગરી અને વલસાડ રેલ્વે પોલીસ સ્ટેશનની કુલ ૮૩,૬૭૮ બોટલ મળી કુલ રૂા. ૧,૯૬,૩૮,૦૯૦ની કિંમતનો દારૂનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો.આ કામગીરીમાં પોલીસ અધિક્ષક વલસાડ વિભાગ એ.કે. વર્મા, મદદનીશ પોલીસ અધિક્ષક ધરમપુર ડો.સંદિપ ડી. (IPS), ના.પો.અધિ. વાપી વિભાગ બી.એન. દવે, પ્રાંત અધિકારીઓ વિમલ પટેલ, એન.સી. પટેલ, ડી.રીષિકા આઠમા, એક્સાઈઝ નશાબંધી અધિકારી એન.આર. વસાવે સહિત જિલ્લાના તમામ થાણા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લામાં ગ્રા.પં.ની ચૂંટણીના પડઘમથી થનગનાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૨૭ :** વલસાડ જિલ્લાના ૬ તાલુકાઓની ૪૦૦થી વધુ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓનો માહોલ જામી રહ્યો છે ત્યારે સ્થાનિક રાજકારણમાં એક રસપ્રદ અને ચર્ચાસ્પદ સ્થિતિ સર્જાઈ છે. તાલુકા પંચાયતમાં ભાજપ પક્ષ તરફથી ચૂંટાઈ આવેલા કેટલાક મહિલા સભ્યો હવે પોતાના ગામમાં સરપંચ બનવા માટે સક્રિય બની ચૂંટણી મેદાને ઝંપલાવવા થનગની રહ્યા હોવાનું સામે આવ્યું છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સરપંચ પદ માટે અનામત બેઠકોની યાદી જાહેર કરવામાં આવતાં જ, જે ગામોમાં સામાન્ય મહિલા કે આદિવાસી મહિલા અનામત બેઠકો આવી છે ત્યાં હાલ તાલુકા પંચાયતમાં પ્રતિનિધિત્વ ધરાવતી મહિલા સભ્યોની મહત્વકાંક્ષાઓ જાગી છે. ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે તાલુકા, જિલ્લા માં ચૂંટણીઓમાં મહિલા ઉમેદવારો પોતાના પતિના રાજકીય વગ કે પક્ષના ઉચ્ચ હોદ્દેદારોની ભલામણોના આધારે પક્ષની ટિકિટ મેળવતી હોય છે. પક્ષના પ્રતીક અને સંગઠનની તાકાત પર ચૂંટણી જીતીને તાલુકા પંચાયત સુધી પહોંચ્યા બાદ, હવે ગ્રામ પંચાયતમાં ગામનું સુકાન સંભાળવા માટે તેઓ ફરીથી દાવેદારી નોંધાવવા ઉતાવળા બન્યા છે. આ સ્થિતિને પગલે ભાજપ સંગઠન અસમંજસમાં મુકાયું છે. પક્ષ દ્વારા જેને તાલુકા કક્ષાએ જવાબદારી સોંપાઈ હોય તેવા પ્રતિનિધિઓ જો ગ્રામ પંચાયત કક્ષાએ ઉમેદવારી કરે, તો અન્ય પાયાના અને નિષ્ઠાવાન કાર્યકરોને તકથી વંચિત રહેવું પડે છે. સ્થાનિક સ્તરે ઊભી થયેલી આ ખેંચતાણના કારણે પક્ષમાં આંતરિક વિરોધાભાસ અને નારાજગી ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે, જો આ જ પ્રકારે તાલુકા કે જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો નીચલા સ્તરની ચૂંટણીઓમાં પણ દાવેદારી કરતા રહેશે, તો ભવિષ્યમાં પ્રદેશ અને જિલ્લા ભાજપ સંગઠને મહિલાઓને ટિકિટ ફાળવતી વખતે 'ચૂંટાયા પછી અન્ય પદ માટે દાવેદારી નહીં કરે' તેવું સોગંદનામું લેવાની ફરજ પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. હાલ તો ગ્રામીણ ચૂંટણી જાહેર થતાંની સાથે જ વલસાડ પંથકના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

## તા. ૧ થી ૭ નવે. સુધી ઔરંગા બ્રિજ રાત્રે બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૨૭ :** વલસાડ શહેર ના કૈલાશ રોડ પર આવેલી ઔરંગા નદી પરના બ્રિજ પર ગર્ડર લોન્ચિંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વાહનચાલકોની સલામતી માટે ટ્રાફિક પ્રતિબંધ અંગેની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. આગામી તારીખ - ૦૧/૧૧/૨૦૨૬ થી ૦૭/૧૧/૨૦૨૬ દિવસ દરમિયાન દરરોજ રાત્રે ૦૯:૦૦ વાગ્યાથી સવારે ૦૬:૦૦ વાગ્યા સુધી. કૈલાસ રોડ સ્મશાન ભૂમિથી વેજલપોર ગ્રામ પંચાયતના ગેટ સુધીના માર્ગ પર તમામ પ્રકારના વાહનોની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ સમયગાળા દરમિયાન મુસાફરી કરતા તમામ વાહનચાલકોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે. કામગીરી દરમિયાન નાગરિકોને પડનારી અસુવિધા બદલ સહકાર આપવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

**ભરતી કરવાની છે**

**Female Accountant તથા મેઈનટેન્સ કામ કરી શકે તેવા સુપરવાઈઝર ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવી છરવાડા ખાતે આવેલ ભારતી વિલાબા રીસોર્ટમાં ભરતી કરવાની છે.**

**Contact : 98794 63248**

## વાપી પંથકમાં એક જ દિવસમાં ત્રણ ઋતુનો અહેસાસ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૨૭ :** વાપી સહિત સમગ્ર વલસાડ જિલ્લામાં હવામાનમાં ધીમે ધીમે બદલાવ જોવા મળી રહ્યો છે. ચોમાસાની વિદાય બાદ દિવાળીના તહેવાર પહેલાં જ શિયાળાની શરૂઆત થઈ હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. છેલ્લા બે દિવસથી વહેલી સવારે ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે, જ્યારે બપોરના સમયે ગરમીનો પારો ચઢતાં લોકોને ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ, રાત્રિના સમયે ભારે ગરમી અને બફારાને કારણે લોકો પરેશાન થઈ રહ્યા છે. વાતાવરણમાં થઈ રહેલા આ બદલાવને કારણે વાપી પંથકના લોકોને એક જ દિવસમાં ત્રણ ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે ઠંડક, બપોરે આકરી ગરમી અને રાત્રે બફારાભર્યા વાતાવરણને કારણે ઋતુચક્રમાં ફેરફાર જોવા મળી રહ્યો છે.

હજુ તો શિયાળાની શરૂઆત થઈ નથી ત્યાં જ દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ થતાં લોકોમાં વાતાવરણના બદલાતા મિજાજ અંગે ચિંતા જોવા મળી રહી છે. દિવાળીના તહેવારના માહોલ વચ્ચે હવામાનમાં જોવા મળતા આ ઉતાર-ચઢાવને કારણે લોકો પણ અસમંજસમાં મુકાયા છે.















## નાંધઈમાં ગુણેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં આયુષ મેગા કેમ્પ યોજાયો

### સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પમાં ૨૫૩ જેટલા દર્દીઓએ લીધો લાભ; આયુર્વેદ અને હોમિયોપથી પદ્ધતિ દ્વારા સ્વાસ્થ્ય વિશે માર્ગદર્શન અપાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૭ :** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નિયામક આયુષની કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન અને જિલ્લા આયુવેદ શાખા, જિલ્લા પંચાયત દ્વારા નાંધઈ ખાતે ભવ્ય આયુષ મેગા સર્વરોગ આયુર્વેદ અને હોમિયોપથી નિદાન સારવાર કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા આયુવેદ અધિકારી વૈદ્ય કાજલબેન મઢીકરે મહેમાનોનું સ્વાગત કરી આયુષ મેગા કેમ્પ અને આયુષ શાખાની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ સંગે ખેરગામ તાલુકા સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ પૂર્વેશભાઈ ખાંડાવાલાએ જણાવ્યું હતું કે, સાંપ્રત સમયમાં આયુર્વેદનું મહત્વ ખૂબ વધી ગયું છે અને આયુર્વેદ જીવનશૈલી અપનાવવાથી લાંબા સમય સુધી નિરોગી જીવન વિતાવી શકાય છે. તેમજ રોગોમાં આયુર્વેદ અને ઘરગથ્થુ ઔષધિઓથી શ્રેષ્ઠ પરિણામો મળતા હોવાનું જણાવી તેમણે જિલ્લા અધિકારી ડો. કાજલબેનનો નાંધઈ ગામમાં આયુષ કેમ્પ યોજવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને ગ્રામજનોને આ કેમ્પનો મહત્તમ લાભ લેવા અપીલ કરી હતી. આ મેગા કેમ્પમાં આયુર્વેદ અને હોમિયોપથી પદ્ધતિ દ્વારા તમામ રોગોનું નિદાન તથા સારવાર કરવામાં આવી હતી. કેમ્પ દરમિયાન દિનચર્યા, ઋતુચર્યા, યોગ નિર્દર્શન તથા જરૂરી યોગ માર્ગદર્શન, પ્રકૃતિ પરીક્ષણ, જિરીયાટ્રિક ઓપીડી, રોગોથી બચવા માટે આયુર્વેદ-હોમિયોપથી દવાઓનું વિતરણ તેમજ ઔષધીય વનસ્પતિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ ઉપરાંત, આયુષ્માન આરોગ્ય મંદિરના યોગ ઈન્સ્ટ્રક્ટર દ્વારા યોગાસનોનું જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનો દ્વારા કેમ્પના દરેક સ્ટોલની મુલાકાત લેવામાં આવી હતી. આ સેવાયજ્ઞમાં જિલ્લા પંચાયત સભ્ય મોહિનીબેન પટેલ, ખેરગામ તાલુકા કારોબારી અધ્યક્ષ જિજ્ઞાબેન પટેલ, ગુણેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી ધિરૂભાઈ પટેલ, પ્રમુખ જુગલ કિશોરભાઈ પટેલ, ખજાનચી દિલિપભાઈ ખજાનચી, નાંધઈના માજી સરપંચ નટુભાઈ તેમજ ગ્રામ પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી કેમ્પનો લાભ લીધો હતો. નાંધઈ ખાતે યોજાયેલા આ આયુષ મેગા કેમ્પનો નાગરિકોએ બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો.

## આહવામાં શ્રમિક અન્નપૂર્ણ યોજના કેન્દ્રનો પ્રારંભ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૨૭ :** રાજ્ય સરકાર અને ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સહયોગથી શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સમગ્ર રાજ્યમાં નવા ૧૦૧ ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. જેના ભાગરૂપે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવાના દત્તનગર ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ યોજના અંતર્ગત અગાઉ રાજ્યના ૨૦ જિલ્લાઓમાં કુલ ૨૯૩ કડિયાનાકા પર ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં હતાં. હવે તેમાં વધારો કરીને રાજ્યના ૨૮ જિલ્લાઓમાં નવાં ૧૦૧ ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. જેમાં આહવા ખાતે ૦૧ શ્રમિક અન્નપૂર્ણ યોજના કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ભોજનમાં શ્રમિકોને રોટલી, શાક, ભાત, અથાણું, કઠોળ, મરચા અને ગોળનો સમાવેશ થાય છે તેમજ અઠવાડિયામાં એક વાર સુખડી જેવું મિષ્ટાન પણ આપવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીત, આહવા તાલુકા પંચાયત પ્રમુખ વિણાબેન ગાંગુર્ડે, આહવા ગ્રામ પંચાયતના સરપંચ હરીરામભાઈ સાંવત તેમજ જિલ્લા કલેક્ટર એન.ડી.પરમાર સહિતના અધિકારીઓ અને સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## બીલીમોરા વિભાગ કેળવણી મંડળ દ્વારા શરદોત્સવ-ચંદી પડવાની ઉજવણી કરાઈ



**બીલીમોરા, તા.૨૭ :** બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓમાં સોમવાર સાંજે નિવૃત્ત થતા બે આચાર્યઓનો વિદાય-અભિવાદન સમારંભ તેમજ શરદોત્સવ અને ચંદી પડવાની સંયુક્ત રીતે ઉત્સાહપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. બીલીમોરા વી. એસ. પટેલ આર્ટસ અને સાયન્સ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. અરવિંદભાઈ બજાજ તથા એલ. એમ. પી. પ્રાથમિક શાળાના આચાર્યા પાકીઝાબેન પી. વાડિયા વયનિવૃત્ત થતાં સંસ્થા દ્વારા બંને મહાનુભાવોનું શાલ, બુકે, મોમેન્ટો અને સન્માનપત્ર અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ. અરવિંદભાઈ બજાજે ૪૦ વર્ષ સુધી ફિઝિક્સ વિષયના અધ્યાપક, વિભાગીય વડા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં એકેડમિક કાઉન્સિલના ચેરમેન તરીકે આપેલી સેવાઓને તેમજ પાકીઝાબેન વાડિયાએ ૧૭ વર્ષની કારકિર્દી દરમિયાન શાળાના વિકાસ અને શૈક્ષણિક કાર્યમાં આપેલા ઉત્કૃષ્ટ પ્રદાનને બિરદાવવામાં આવ્યા હતા. નિવૃત્ત થતા બંને આચાર્યોએ પોતાના સેવાકાળના સંસ્મરણો વાગોળી સંસ્થા પરિવાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ જ અવસરે કર્મચારીઓમાં પરસ્પર પારિવારિક લાગણી અને આત્મીયતા વધે તે હેતુથી શરદોત્સવ અને ચંદી પડવાની ઉજવણી પણ કરાઈ હતી, જેમાં રાસ-ગરબા તેમજ શૈક્ષણિક સ્ટાફ દ્વારા સુરીલા ગાયન-સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં સ્ટાફ સભ્યોને બેસ્ટ એક્શન અને બેસ્ટ ડ્રેસના પુરસ્કારો એનાયત કરાયા હતા. સમારોહના ઉદ્ઘાટક તરીકે સંવેદ હોસ્પિટલના ડૉ. સપ્રેશ પટેલ અને મુખ્ય મહેમાન તરીકે કેળવણી મંડળના પ્રમુખ પ્રમિતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંડળના મેનેજીંગ ટ્રસ્ટી હૃદયનાથભાઈ પટેલ, વ્યવસ્થાપક સમિતિના અધ્યક્ષ ભરતભાઈ અમીન, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નરેશભાઈ નેમાણી, મંત્રી ઉદયભાઈ પટેલ, ગણદેવી પીપલ્સ બેન્કના ચેરમેન જસ્મીનભાઈ દેસાઈ, ભરતભાઈ પટેલ, ભરતભાઈ શાહ, અજયભાઈ શાહ, જિનેશભાઈ દેસાઈ, ઉદયભાઈ નેમાણી, રાહુલભાઈ પટેલ સહિત સંકુલની વિવિધ શાળાઓ અને કોલેજોના આચાર્યો, અધ્યાપકો, શિક્ષકો તથા આમંત્રિતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર સમારોહનું સંચાલન શિક્ષક જીતેન્દ્રભાઈ રાઠોડ, પ્રા. ડૉ. નમ્રતાબેન પટેલ અને ડૉ. લોપાબેન પટેલે સંયુક્ત રીતે કર્યું હતું. વી. એસ. પટેલ કોલેજના અધ્યાપક ડૉ. દિપેશભાઈ પટેલ,કલ્પેશ ટંડેલ તથા ડૉ. ભાવેશભાઈ દેવતાએ જહેમત ઉઠાવી હતી.

બીલીમોરા મોઢ ગાંધી યુથ કલબ દ્વારા ગંગા માતાના મંદિરના અન્નકૂટ-પ્રસાદી રૂપે

## બીલીમોરાની વિવિધ શાળાઓ અને મંદિરોમાં મોહનથાળનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૭ :** બીલીમોરા મોઢ ગાંધી યુથ ક્લબ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓની પરંપરા જાળવી રાખતાં ગંગા માતાના મંદિરના અન્નકૂટ નિમિત્તે ૩૫૦ કિલો શુદ્ધ મોહનથાળ તૈયાર કરવામાં આવ્યો હતો, જેમાંથી ૨૯૦ કિલો મોહનથાળ મંદિરમાં ભક્તોને પ્રસાદી રૂપે પીરસવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ક્લબના સભ્યો દ્વારા સેવાની સુવાસ ફેલાવતા બીલીમોરા જલારામ બાપાના મંદિર, સ્થાનિક આંગણવાડી, લાલચંદ મોતીચંદ કુમાર શાળા, રાધેશ્યામ મંદિર પાસે આવેલી કન્યાશાળા, ઓરિયા મોરિયા પ્રાથમિક શાળા તેમજ દેસરા પ્રાથમિક શાળા ખાતે ૧૦-૧૦



કિલો મોહનથાળનું વિતરણ કરાયું હતું. શાળાઓમાં અભ્યાસ કરતા નાના ભૂલકાઓ અને વિદ્યાર્થીઓએ બપોરના ભોજન સાથે સ્વાદિષ્ટ મીઠાઈનો આનંદ માણ્યો હતો. સેવાકીય હેતુ સાથે મોહનથાળનું યોગ્ય અને સુવ્યવસ્થિત વિતરણ કરી સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવા બદલ યુથ ક્લબના સાથી મિત્રોની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી સૌએ આભાર વ્યક્ત કર્યો હતો.

## નવસારીમાં પી.એમ. કિસાન ઉત્સવ દિવસ અને રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૭ :** નવસારી જિલ્લામાં આગામી તા.૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ અને તા. ૩૧ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બંને કાર્યક્રમોના સુચારું આયોજન, સંકલન અને તૈયારીઓ અંગે આજરોજ નવસારી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંબધિત તમામ અધિકારીઓ જોડાયા હતા.

આ બેઠકમાં કલેક્ટરે બંને કાર્યક્રમો માટેના સ્થળ પસંદગી, આવનાર નાગરિકો તથા ખેડૂતો માટે પીવાનું પાણી, વીજળી અને વડાપ્રધાનના કાર્યક્રમના લાઈવ સ્ટ્રીમિંગ સહિતની તમામ વ્યવસ્થાઓની ઝીણવટપૂર્વક સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં બનાસકાંઠા ખાતેથી 'પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના' હેઠળ ૨૪મો હપ્તો રીલીઝ કરવામાં આવશે, જેના ભાગરૂપે નવસારી જિલ્લામાં ચીખલી ખાતે જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાશે.

આ ઉપરાંત નવસારી જિલ્લાની તમામ જિલ્લા પંચાયતની સીટદીઠ બે સ્થળોએ કિસાન ઉત્સવના કાર્યક્રમો યોજાશે.

તા.૩૧મી ઓકટોમ્બરે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે જિલ્લાના પ્રત્યેક ગામ અને નગરપાલિકા કક્ષાએ 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે દેશભક્તિના સૂત્રો, બેનરો અને દેશભક્તિના ગીતોના નાદ સાથે 'એકતા યાત્રા' યોજાશે. આ અવસરે પ્રગતિશીલ ખેડૂતો, સમાજ સેવકો, વનરક્ષકો, આરોગ્ય કર્મીઓ અને શિક્ષકો સહિતના વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવશે.

રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સામાજિક સમરસતાનો સંદેશ સમાજના પ્રત્યેક વર્ગ સુધી પહોંચે તે હેતુસર યોજાનાર આ બંને મહત્ત્વપૂર્ણ કાર્યક્રમોમાં નવસારી જિલ્લાના તમામ નાગરિકો અને ખેડૂત ભાઈ-બહેનોને ઉત્સાહભેર સહભાગી થવા જિલ્લા વહીવટીતંત્ર અને ખેતીવાડી વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સાપુતારા એકલવ્ય શાળાના ૧૯ વર્ષીય વિદ્યાર્થીની હૃદયની જટિલ સર્જરી સફળ રહી

### ડાંગ જિલ્લાની RBSK ટીમની પ્રશંસનીય કામગીરી :ધરમપુરની શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ ખાતે નિ:શુલ્ક સર્જરી થકી યુવકને નવજીવન મળ્યુ

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૨૭ :** રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત કાર્યરત "રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) ડાંગ જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં બાળકો અને યુવાનો માટે સંજીવની સમાન સાબિત થઈ રહ્યો છે. તાજેતરમાં ડાંગ જિલ્લાની RBSK ટીમે ૧૯ વર્ષીય આદિવાસી યુવકના હૃદયની ગંભીર બીમારીનું સમયસર નિદાન કરાવી સફળ શસ્ત્રક્રિયા કરાવી નવજીવન બક્ષ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર, ડાંગ જિલ્લાની સાપુતારા સ્થિત "પીએમ-શ્રી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલમાં અભ્યાસ કરતા ૧૯ વર્ષીય વિદ્યાર્થી શંકર અમૃત ચૌહાણનું RBSK ટીમ દ્વારા નિયમિત આરોગ્ય તપાસણી દરમિયાન પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં શંકાસ્પદ લક્ષણો જણાતાં વધુ તપાસ માટે તેને સંદર્ભિત



કરવામાં આવ્યો હતો. જ્યાં તબીબી તપાસમાં યુવકના હૃદયમાં ૨.૫ સે.મી.ની એએસડી (Atrial Septal Defect - હૃદયમાં કાણું) હોવાનું નિદાન થયું હતું. નિદાન બાદ યુવકને તાત્કાલિક શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, ધરમપુર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં નિષ્ણાત કાર્ડિયાક સર્જનોની દેખરેખ હેઠળ તેની ASD સર્જિકલ ક્લોઝર સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. સર્જરી બાદ તાજેતરમાં કરવામાં આવેલા ફોલોઅપ 2D Echo રિપોર્ટમાં હૃદયનો પેચ સંપૂર્ણપણે યોગ્ય સ્થિતિમાં હોવાનું અને કોઈ ક્ષતિ ન રહી હોવાનું સામે આવ્યું છે. દર્દીની ઉત્તમ રિકવરી જોઈને નિષ્ણાત તબીબોએ સર્જરી બાદની દવાઓ બંધ કરી, ત્રણ મહિના પછી નિયમિત તપાસ માટે બોલાવ્યા છે. આ સફળતા પાછળ ડાંગ જિલ્લાની RBSK મોબાઈલ હેલ્થ ટીમ (MHT 1240486) ના તબીબી અધિકારી ડૉ. ધનરાજ પી. દેવરે, ડૉ. કલ્પના બી. ગામીત, ફાર્માસિસ્ટ જીતેશ જે. ધૂમ તેમજ મહિલા આરોગ્ય કાર્યકર (FHW) હીનાબેન ડી. ભોંયેની સમયસૂચકતા, સતત ફોલોઅપ અને સમર્પિત કામગીરી મહત્વપૂર્ણ રહી છે. આરોગ્ય વિભાગની આ ત્વરિત અને સંવેદનશીલ કામગીરીના પરિણામે ગરીબ આદિવાસી પરિવાર પરથી મોટી આર્થિક ચિંતા દૂર થઈ છે અને યુવાન સ્વસ્થ જીવન તરફ પાછો ફર્યો છે, જેના પગલે પરિવારજનોએ રાજ્ય સરકાર અને સમગ્ર આરોગ્ય ટીમનો આભાર વ્યક્ત કર્યો છે.

## ડાંગમાં ચાઇનીઝ તુક્કલ, નાયલોન દોરીના વેચાણ અને ઉત્પાદન ઉપર પ્રતિબંધ

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૨૭ :** ડાંગ જિલ્લામાં સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંજા/પ્લાસ્ટીક દોરી, નાયલૉન અથવા અન્ય સિન્થેટિક માંજા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરીના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એચ. એમ. જણકાટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ કલમ મુજબ જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે.

જે આગામી ૦૪/૧૨/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ માટે નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવામા આવ્યો છે.

(૧) નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી (જેને હવે પછી પ્રતિબંધિત સાધનસામગ્રી તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ રહેશે. (૨) કોઈપણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ, રસ્તા/ફુટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા પર.(૩) પતંગ ઉપર બિભત્સ પ્રકારના અગર આમ જનતાની કોમી તેમજ ધાર્મિક લાગણી દુભાય તેવા ઉશ્કેરણી જનક લખાણો લખવા ઉપર.

(૪) લાકડી ઉપર કાંટાવાળા ઝાડના કાળા બાંધી ઝડા બનાવી કે બીજી કોઈપણ રીતે કપાયેલા પતંગો અને દોરા મેળવવા આમતેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરવા ઉપર. (૫) રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેક્ટ્રીકના બે તાર(વાયરો) ભેગા થવાથી શોર્ટ સર્કિટના કારણે તાર તુટી જવાથી અકસ્માતો સર્જાય, ગંભીર બનાવો બનતા હોય છે જેથી ટેલીફોન કે ઈલેક્ટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તાર, લંગર(દોરી) નાખવા ઉપર તેમજ તેમાં ભરાયેલ પતંગ કે દોરી કાઢવા ઉપર. (૬) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખૂબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીઓને, આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૮-૧૦-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** આસો વદ, ત્રીજ, **સૂર્યોદય :** ૦૬ : ૪૬ **સૂર્યાસ્ત** ૦૬ : ૦૦, **ચંદ્રોદય** - ૦૭:૪૫ **ચંદ્રાસ્ત** - ૧૦:૦૦ **ચંદ્ર રાશિ :** વૃષભ, **નક્ષત્ર** - કૃતિકા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમે નવું કાર્ય શરૂ કરી શકો છો. વેપારમાં વૃદ્ધિ અને અચાનક ધનલાભની સંભાવના છે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે અને તમને કોઈ અટકેલા નાણાં પાછા મળી શકે છે.

**વૃષભ (બ, વ, ઉ) :** આ રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. નોકરીમાં સાનુકૂળ વાતાવરણ મળશે. વિદ્યાર્થીઓ માટે સમય સારો છે. પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું અને બિનજરૂરી ખર્ચ ટાળવો.

**મિથુન (ક, ઘ, ચ) :**વેપારમાં નવી તકો મળશે. આજે કોઈ અજાણ્યા પર વિશ્વાસ ન કરવો. સામાજિક માન-સન્માન વધશે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે.

**કર્ક (ડ, હ) :** આજે તમારા અટકેલા કામ પૂરા થશે. માનસિક શાંતિનો અનુભવ કરશો. નોકરી કરતા લોકો માટે પ્રગતિના રસ્તા ખુલશે. પારિવારિક જીવનમાં ખુશીઓ આવશે.

**સિંહ (મ, ટ) :** તમારી આર્થિક સ્થિતિ મજબૂત બનશે. વેપારમાં અણધાર્યો લાભ થવાની સંભાવના છે. કાર્યસ્થળ પર તમારી જવાબદારીઓ વધી શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** આજે તમને ધાર્યું પરિણામ મળશે. આવકના સાધનો મજબૂત બનશે. પરિવારમાં કોઈ સમસ્યાનો ઉકેલ આવી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવું.

**તુલા (ર, ત) :** વેપારમાં લાભ અને પ્રગતિની તકો મળશે. આકસ્મિક આર્થિક લાભ થવાની સંભાવના છે. વાહન કે મિલકત ખરીદીના યોગ બની રહ્યા છે.

**વૃશ્ચિક (ન, ય) :** આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદ્રુપ રહેશે. કાર્યક્ષેત્રે મહેનતનું યોગ્ય ફળ મળશે. ઉચ્ચ શિક્ષણની તૈયારી કરતા વિદ્યાર્થીઓને સારા સમાચાર મળી શકે છે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. આર્થિક રીતે તમે સુરક્ષિત રહેશો. પરિવાર સાથે સારો સમય વિતાવી શકશો. સ્વાસ્થ્ય સારું રહેશે.

**મકર (ખ, જ) :** આજે તમને ધાર્યા પરિણામો મળશે. અચાનક કોઈ સારા સમાચાર મળવાથી મન પ્રસન્ન રહેશે. નોકરીમાં પ્રશંસા મળશે. વેપારમાં સારો નફો થશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** વેપારમાં જૂના ગ્રાહકોનો સહયોગ મળશે. નોકરીમાં જવાબદારીઓ વધી શકે છે. ખર્ચ વધી શકે છે, તેથી બચત પર ધ્યાન આપવું.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે મન શાંત રહેશે. આર્થિક લાભની તકો મળશે. પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

### સુડોકુ નં.૧૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | | 6 | | | |
| 8 | | 4 | | | | 7 | | 6 |
| 3 | 6 | | | 1 | | | 8 | 2 |
| | 7 | | | | | | 9 | |
| 4 | | | 3 | | 9 | | | 5 |
| | 1 | | | | | | 6 | |
| 6 | 5 | | | 3 | | | 7 | 8 |
| 7 | | 2 | | | | 6 | | 9 |
| | | | 4 | | 7 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 5 | 1 | 2 | 8 | 7 | 6 | 9 |
| 8 | 6 | 7 | 9 | 4 | 5 | 2 | 1 | 3 |
| 1 | 9 | 2 | 7 | 3 | 6 | 5 | 8 | 4 |
| 2 | 7 | 1 | 6 | 8 | 4 | 9 | 3 | 5 |
| 5 | 8 | 9 | 3 | 7 | 2 | 1 | 4 | 6 |
| 6 | 3 | 4 | 5 | 9 | 1 | 8 | 7 | 2 |
| 9 | 2 | 6 | 4 | 1 | 7 | 3 | 5 | 8 |
| 4 | 1 | 8 | 2 | 5 | 3 | 6 | 9 | 7 |
| 7 | 5 | 3 | 8 | 6 | 9 | 4 | 2 | 1 |

Wednesday 28, October 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## વાપીની પોદાર જમ્બો કીડ્સ સ્કૂલમાં 'ગરબા કી ધૂમ' કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપીમાં પોદાર જમ્બો કીડ્સ સ્કૂલ દ્વારા ચલા ખાતે આવેલા સુગર એન્ડ સ્પાઈસ બેન્કવેટ હોલ ખાતેં ગરબા કી ધૂમે કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અદિતિ ભાનુશાલી, સુનિલકાંત તથા અતિથિ વિશેષ તરીકે સંજય શિંદે, મિલિન્દ કુલકર્ણી અને સંદીપ સિંહ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કલાત્મક અને રંગબેરંગી ડ્રેસમાં સજ્જ નાના ભૂલકાઓએ ગરબા રમીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બાળકોની સાથે વાલીઓ પણ ગરબાના તાલે ઝૂમી ઉઠ્યા હતા. ઉત્સાહભર્યા વાતાવરણમાં બેસ્ટ ગરબા, બેસ્ટ ડ્રેસ અને બેસ્ટ કપલ માટે વિશેષ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા બદલ જીસીએસ પ્લે સ્કૂલ અને પોદાર જમ્બો કિડ્સના ફ્રેન્ચાઈઝી ડાયરેક્ટર અશ્વિની રાણેએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.




ભાજપ દ્વારા સુરતમાં લોકતંત્ર બચાવો અરાજકતા હટાવોના સંદેશ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનના પ્રમુખ તથા તેમજ કેન્દ્રીય જલ મંત્રી સી આર પાટીલ સહિતનાઓ જોડાયા હતા આ રેલીમાં વાપી ભાજપ સંગઠનના પ્રમુખ મનીષભાઈ દેસાઈ મહામંત્રી વિરાજ દક્ષિણી ઉપપ્રમુખ પ્રવીણ પાટીલ વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ દંડક સુનિતા તિવારી સહિતના જોડાયા હતા.

## અંભેટી ગ્રા.પં.માં બોરિંગના કામોમાં ડુપ્લીકેટ ચુકવણીની આશંકા

### રૂા.૧.૯૦ લાખની શંકાસ્પદ ચુકવણી મામલે તાલુકા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ : તપાસની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૨૭ :** નાનાપોંઢા તાલુકાના અંભેટી ગ્રામ પંચાયત દ્વારા ૧૫મા નાણાં પંચની ગ્રાન્ટમાંથી બોરિંગનાં કામો માટે એક જ કામના નામે ડુપ્લીકેટ ચુકવણી કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ મામલે અંભેટી ગામના સામાજિક આગેવાન યોગેશભાઈ સપુરભાઈ પટેલે નાનાપોંઢા તાલુકા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરી તપાસની માંગ કરી છે. ફરિયાદમાં અંદાજે કુલ રૂ. ૧,૯૦,૦૦૦ની શંકાસ્પદ ચુકવણી થઈ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે સંબંધિત કામોના રેકોર્ડ, બિલો, વાઉચરો અને ચુકવણીની વિગતોની તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી છે. યોગેશભાઈ પટેલે ફરિયાદમાં શંકાસ્પદ ચુકવણીની નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર જણાતા વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ જો સરકારી નાણાંની ગેરરીતિ સાબિત થાય તો રકમની રિકવરી કરવાની માંગ કરી છે. હવે આ ફરિયાદના આધારે તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે અને તપાસમાં શું હકીકતો બહાર આવે છે, તેના પર સૌની નજર રહેશે.

## ગાડરિયામાં આર.એસ.એસ. દ્વારા શસ્ત્રપૂજા કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ તાલુકા ના ગાડરીયા ગામે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વલસાડ તાલુકા, ગાડરીયા મંડળ દ્વારા વિજયાદશમી ઉત્સવ નિમિત્તે શસ્ત્ર પૂજાનું આયોજન બ્રહ્મદેવ બાપા મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બૌદ્ધિક તરીકે ડેનિસ પટેલ, વ્યવસ્થાપક સતિષભાઈ પટેલ, વલસાડ તાલુકા કાર્યવાહ નિલેશભાઈ સોલંકી અને પ્રવક્તા ડો. હેમિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

બ્રહ્મદેવ મંદિર પરિસરમાં પરંપરાગત શસ્ત્રોની પૂજા કરી સ્વયંસેવકોએ રાષ્ટ્ર સેવાનો સંકલ્પ લીધો હતો. મોટી સંખ્યામાં સ્વયંસેવકો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ, ચારિત્ર્ય નિર્માણ, શિસ્ત અને સેવા ભાવનાનું સંવર્ધન કરવાનો છે.

## દમણમાં કરદાતા જનસંપર્ક શિબિર યોજાઈ

### વાપીમાં GST કૌશલ્ય કેન્દ્રનો પ્રારંભ : કરદાતાઓને GST રિટર્ન, રજિસ્ટ્રેશન અને ડિજિટલ એકાઉન્ટિંગની નિ:શુલ્ક તાલીમ અને માર્ગદર્શન મળશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૭ :** કેન્દ્રીય વસ્તુ અને સેવા કર (CGST) આયુક્તાલય, દમણ દ્વારા સ્વામી વિવેકાનંદ સભાખંડમાં 'સહજ કર સંવાદ' અંતર્ગત કરદાતા જનસંપર્ક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય પરોક્ષ કર અને કસ્ટમ્સ બોર્ડ (CBIC)ના દેશવ્યાપી ૧૦૦ દિવસના જનસંપર્ક અભિયાન અંતર્ગત યોજાયેલી આ શિબિરમાં GST, આવકવેરા અને સંસ્થાકીય ધિરાણ સંબંધિત માહિતી એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. સવારે ૧૦ વાગ્યે શરૂ થયેલી આ શિબિરમાં નોંધાયેલા અને બિનનોંધાયેલા કરદાતાઓ સહિત મોટી સંખ્યામા

નાગરિકોએ ભાગ લીધો હતો. વરિષ્ઠ નાગરિકો, ખેડૂતો, માછીમારો, મહિલા સ્વસહાય જૂથો, યુવાનો, સ્ટાર્ટઅપ, કારીગરો, લારી-ગલ્લા વ્યવસાયીઓ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો તથા ઔદ્યોગિક એકમો માટે અલગ-અલગ સહાય ડેસ્ક ઊભાં કરવામાં આવ્યાં હતાં. ગ્લ્વ અને આવકવેરા વિભાગના અધિકારીઓએ કરદાતાઓને વિવિધ પ્રક્રિયાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે જાહેર અને ખાનગી બેંકો તથા સંબંધિત વિભાગોએ ધિરાણ સુવિધાઓ અને સરકારી યોજનાઓની માહિતી આપી હતી.GST કાઉન્સિલના નિર્ણયો અંગે માર્ગદર્શન કાર્યક્રમમાં ઝગ્લ્લ મુંબઈ ઝોનના પ્રધાન અધિક મહાનિર્દેશક સુમિત કુમાર અને DGTS અમદાવાદના અધિક મહાનિર્દેશક એમ.કે. સારંગી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. CGST દમણના આયુક્ત સતીશ કુમારે સ્વાગત પ્રવચન કર્યું હતું.

વેપાર અને ઉદ્યોગ જગત તરફથી દમણ ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશનના પ્રમુખ પવન અગ્રવાલ અને સિલવાસા ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશનના પ્રમુખ અજિત યાદવે પ્રતિનિધિત્વ કર્યું હતું. આ જ અભિયાનના ભાગરૂપે વાપીના RCP કમ્પાઉન્ડ ખાતે આવેલા CGST દમણ કાર્યાલયમાં GST કૌશલ્ય કેન્દ્ર અને GST મિત્ર સુવિધા કેન્દ્ર (રિટર્ન મિત્ર)નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ કેન્દ્રો દ્વારા નાના અને મધ્યમ વેપારીઓ તેમજ GST સંબંધિત પ્રક્રિયાઓમાં મુશ્કેલી અનુભવતા કરદાતાઓને નિ:શુલ્ક સહાય અને માર્ગદર્શન આપવામાં આવશે. અહીં GST રિટર્ન ભરવા, નવું રજિસ્ટ્રેશન કરાવવા અને અન્ય સંબંધિત પ્રક્રિયાઓ અંગે માર્ગદર્શન મળશે

## વાપીની આર.એસ. ઝુનઝુનવાલા સ્કુલમાં ગરબા મહોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપીની આર.એસ. ઝુનઝુનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા વર્ષ ૨૦૨૬ના રંગતાળી ગરબા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હરિયાપાર્ક ખાતે પ્રિ-ઇમરી સ્કૂલના બ્રોશરનું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી નિલેશભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વલસાડનાં રાજેશ્રીબેન ટંડેલ પ્રમુખસ્થાને ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે વાપી મહાનગરપાલિકાનાં મેયર દક્ષાબેન પટેલ, ડૉ. ચિંતન પટેલ અને નયન અંજારા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના પ્રસિદ્ધ ગરબા ગાયક હિમલ પટેલ અને તેમની ટીમે મનમોહક ગરબાની પ્રસ્તુતિ કરીને સમગ્ર વાતાવરણને ગરબામય બનાવી દીધું હતું. શાળાના વિદ્યાર્થીઓ, આમંત્રિત ગરબા વૃંદ અને વાલીઓએ ઉત્સાહભેર ગરબે ઘૂમીને ઉત્સવનો આનંદ માણ્યો હતો.

ગરબાની રમઝટથી કાર્યક્રમમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી નિલેશભાઈ રાઠોડ, ટ્રસ્ટી પાયલ રાઠોડ, ટ્રસ્ટી ટિશા વાડીવાલા, રોનક વાડીવાલા, વિનય વાડીવાલા, કલ્પનાબેન વાડીવાલા, શાળાનાં આચાર્યા સુચિતા ચારી અને ઉપાચાર્યા રીટા ત્રિપાઠી સહિત શાળા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ગરબા મહોત્સવ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ગરબા કલાકારોને વિવિધ પુરસ્કારો એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

બાળકોને શિક્ષણની સાથે ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક ભાવના, પરંપરા અને સંસ્કારોનું જ્ઞાન મળે તેવા હેતુથી આયોજિત આ કાર્યક્રમ સૌના સહયોગથી સફળ રહ્યો હતો.

## વલસાડમાં ગુરુવારે ડૉ. તોગડિયા પધારશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ના સંસ્થાપક તથા હિન્દુ હૃદય સમ્રાટ ડો. પ્રવીણભાઈ તોગડિયા ૨૯/૧૦/૨૦૨૬ ના રોજ ગુરૂવારે સવારે ૧૧.૩૦ કલાકે વલસાડ ના શ્રી ભીડભંજન મહાદેવ મંદિર ના હોલ મા અગ્રણીઓ તથા હિન્દુ શુભચન્તકો ને સંબોધશે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગેદળ તથા હિન્દુ હેલ્પલાઈન જેવા સંગઠનના આગેવાનો કાર્યક્રમ ને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. વલસાડ ના કલ્યાણ બાગ ના ફુવારા પાસે ડો. તોગડિયાનુ સ્વાગત કરી એમને શ્રી ભીડભંજન મહાદેવ મંદિર ખાતે લઈ જશે. આ કાર્યક્રમ મા હિન્દુ પ્રેમીઓને મોટી સંખ્યા મા હાજર રહેવા આયોજકો દ્વારા અનુરોધ કર્યો છે.

## વલસાડ જિલ્લામાં ૩૦ ઓકટોબરે કિસાન ઉત્સવ દિવસની ઉજવણી થશે

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ જિલ્લામાં ૩૦ ઓકટોબરના શુક્રવારે કિસાન ઉત્સવ દિવસની ઉજવણી થશે. જેના ભાગરૂપે જિલ્લામાં જિલ્લા પંચાયત સીટ દીઠ બે કાર્યક્રમો મળી કુલ ૩૬ જિલ્લા પંચાયત બેઠકો પર ૭૨ સ્થળોએ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેના સુચારૂ આયોજન અંગે કલેકટર કચેરી ખાતે કલેકટર નિતિન સાંગવાનના વડપણ હેઠળ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં કાર્યક્રમને અનુલક્ષીને વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

તા.૩૦ મીએ વલસાડ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ચંદ્ર મોલેશ્વર મહાદેવ મંદિર પારડી પારનેરા ખાતે સવારે ૯-૦૦ વાગે શરૂ થશે. એમ જિલ્લા ખેતીવાડી અધિકારી અરૂણ ગરાસીયા દ્વારા જણાવાયું છે. તા.૩૦ મી ઓકટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતે રાષ્ટ્રવ્યાપી પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણીમાં સહભાગી થશે. જેનું જીવંત પ્રસારણ વલસાડ જિલ્લામાં યોજનારા કાર્યક્રમમાં ૭૨ સ્થળોએ નિહાળી શકાશે. વડાપ્રધાન શ્રી પીએ કિસાન સન્માનનિધિ યોજનાના ૨૪ માં હપ્તારૂપે દેશના ૯.૬૨ કરોડથી વધુ ખેડૂતોને રૂા.૧૯૨૪૦ કરોડથી વધુની સહાય વિતરણ કરશે. જેમાં ગુજરાતના ૫૨.૨૯ લાખથી વધુ ખેડૂતોને રૂા.૧૦૪૮ કરોડથી વધુ સહાય ડીબીટી થી સીધી બેંકમાં જમા થશે.

## કપરાડાના બારપુડા અને વાવર ગામે ગુજરાત વિદ્યાપીઠની પોષણ યાત્રા પહોંચી

### સાત દિવસ વિવિધ ગામોની આંગણવાડીઓ અને શાળાઓમાં બાળકોને પોષણ અંગે અપાશે માર્ગદર્શન

**વલસાડ, તા.૨૭ :** ગુજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત પોષણ યાત્રા અંતર્ગત વિદ્યાપીઠની ટીમ કપરાડા તાલુકાના વાવર અને બારપુડા ગામે આવી પહોંચી છે. આ ટીમ સાત દિવસ સુધી તાલુકાનાં વિવિધ ગામોમાં આવેલી આંગણવાડીઓ અને શાળાઓની મુલાકાત લઈ બાળકોમાં પોષણ અંગે જાગૃતિ ફેલાવશે. આ યાત્રા અંતર્ગત બાળકોના આરોગ્ય, યોગ્ય આહાર અને સર્વાંગી વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા દર વર્ષે અલગ-અલગ સામાજિક વિષયોને કેન્દ્રમાં રાખીને ગુજરાતનાં ગ્રામ્ય વિસ્તારોમાં પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ પોષણ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાત વિદ્યાપીઠના હજારો વિદ્યાર્થીઓ રાજયના વિવિધ વિસ્તારોમાં જઈને પોષણ અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

પોષણ યાત્રાનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારોમાં બાળકોના પોષણ અને આરોગ્ય અંગે સમજ કેળવવાનો તેમજ તેમના સર્વાંગી વિકાસમાં યોગ્ય આહારની ભૂમિકા વિશે જાગૃતિ ફેલાવવાનો છે. આ ઉપરાંત, આંગણવાડી કેન્દ્રોની કામગીરીને નજીકથી સમજવી અને બાળકોના પોષણ તથા પ્રારંભિક વિકાસ માટે કરવામાં આવતા પ્રયાસોની જાણકારી મેળવવી પણ યાત્રાનો મહત્ત્વનો હેતુ છે. યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી પોષણના વિષયને વ્યવહારુ રીતે સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે. આંગણવાડી કાર્યકરો દ્વારા બાળકોના પોષણ, આરોગ્ય અને પ્રારંભિક શિક્ષણ માટે કરવામાં આવતી કામગીરી વિશે પણ વિદ્યાર્થીઓ માહિતી મેળવી રહ્યા છે. આ પ્રવૃત્તિઓના માધ્યમથી બાળકોમાં પોષણ અંગે



જાગૃતિ કેળવવાની સાથે ગ્રામ્ય સમાજની જરૂરિયાતો અને પડકારોને સમજવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

કપરાડા તાલુકામાં પોષણ યાત્રાની ટીમ દ્વારા વાવર, સુથારપાડા અને બારપુડા સહિતનાં ગામોની આંગણવાડીઓ અને શાળાઓની મુલાકાત લેવામાં આવી છે. આગામી ૩૧ ઓક્ટોબર સુધી તાલુકાનાં વિવિધ ગામોમાં મુલાકાતો યોજી પોષણ અને બાળવિકાસ અંગે જાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે.ગૂજરાત વિદ્યાપીઠની પદયાત્રા માત્ર ચાલીને ગામડાં સુધી પહોંચવાની પ્રવૃત્તિ નથી, પરંતુ વિદ્યાર્થીઓ માટે સમાજને નજીકથી સમજવાની તક પણ છે. વિદ્યાપીઠની ગ્રામજીવન પદયાત્રાની પરંપરા વિદ્યાર્થીઓને ગ્રામ્ય જીવન અને સામાજિક પ્રશ્નો સાથે જોડે છે. પોષણ યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓને ગ્રામ્ય પરિવારોની જીવનશૈલી, ખાદ્ય આદતો, આરોગ્ય અંગેની માન્યતાઓ અને પોષણ સંબંધિત પડકારોને સમજવાની તક મળી છે.

આ અનુભવ તેમના અભ્યાસને વ્યવહારુ જ્ઞાન સાથે જોડે છે અને સમાજસેવાની ભાવનાને મજબૂત બનાવે છે. મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના શૈક્ષણિક અભિગમમાં ગ્રામજીવન, સ્વાવલંબન, સામાજિક જવાબદારી અને માનવસેવા જેવા મૂલ્યોનું વિશેષ સ્થાન છે.પોષણ યાત્રાની થીમને આ મૂલ્યો સાથે જોડીને જોઈએ તો સ્વસ્થ સમાજના નિર્માણમાં લોકોની ભાગીદારી, સ્થાનિક સંસાધનોનો ઉપયોગ અને લોકોમાં જાગૃતિનું મહત્ત્વ સ્પષ્ટ થાય છે.

## વલસાડમાં કોંગ્રેસ દ્વારા 'મત બચાવો, દેશ બચાવો' અભિયાનનો પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૭ :** કોંગ્રેસ પક્ષ દ્વારા દેશવ્યાપી સ્તરે શરૂ કરવામાં આવેલા 'મત બચાવો, દેશ બચાવો' અભિયાન અંગે વિગતવાર માહિતી અને આગળની વ્યૂહરચના જાહેર કરવા માટે આજરોજ એઆઈસીસીના પ્રભારી એ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ વલસાડના સર્કિટ હાઉસમાં યોજાયેલી પત્રકાર પરિષદ અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી ના પ્રભારી મોહન જોશીના અધ્યક્ષ સ્થાને અને AICC સભ્ય ગૌરવ પંડ્યાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. કોંગ્રેસ પક્ષ દ્વારા દેશવ્યાપી સ્તરે શરૂ કરવામાં આવેલા 'મત બચાવો, દેશ બચાવો' અભિયાન અંગે વિગતવાર માહિતી અને આગળની વ્યૂહરચના જાહેર કરવામાં આવી હતી. પત્રકાર પરિષદને સંબોધતા AICC પ્રભારી મોહન જોશીએ જણાવ્યું હતું કે, અખિલ ભારતીય કોંગ્રેસ મહાસમિતિ દ્વારા સમગ્ર દેશમાં ૧ ઓક્ટોબરથી ૧ ડિસેમ્બર સુધી આ રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ દેશના પ્રત્યેક નાગરિકને ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૩૨૬ હેઠળ મળેલા પવિત્ર મતદાનના અધિકારને સુરક્ષિત કરવાનો છે. સરકારની વિવિધ નીતિઓ અને ગડબડોને કારણે નાગરિકોનો જે મતાધિકાર છીનવાઈ ગયો છે અથવા પ્રભાવિત થયો છે, તેને પુનઃ સ્થાપિત કરવાનો આ ઝુંબેશનો સંકલ્પ છે.

તેમણે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા ગંભીર આરોપો લગાવતા જણાવ્યું હતું કે તત્કાલીન ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ દ્વારા સરકારના ઈશારે જ નિર્ણયો આપવામાં આવ્યા હતા. દેશના ઈતિહાસમાં ક્યારેય ન બન્યું હોય તે રીતે દેશની સ્વતંત્ર સંસ્થાઓ જેવી કે અદાલતો, ભારતીય ચૂંટણી પંચ (ECI) અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) માં કેન્દ્ર સરકાર દ્વારા સીધો અને ગંભીર હસ્તક્ષેપ કરવામાં આવી રહ્યો છે. ભાજપ સરકાર આજે દરેક મોરચે સરેઆમ નિષ્ફળ સાબિત થઈ છે. વિપક્ષી નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં આગામી ૧ નવેમ્બરના રોજ દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાન ખાતે ઈન્ડિયા (INDIA) ગઠબંધન દ્વારા એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ૧ ડિસેમ્બરે યોજાનારા આ મહા-આંદોલન અને રેલીમાં વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના તમામ હોદ્દેદારો અને કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં દિલ્હી પહોંચશે.

આ પત્રકાર પરિષદમાં વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને મોદી સાંસદ કિશનભાઈ પટેલ જિલ્લા ઉપ પ્રમુખ ધર્મેશ ઉર્ફે ભોલા પટેલ સહિત કોંગ્રેસના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## વાપી મનપાની સામાન્ય સભા ૩૦ ઓક્ટો. મળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી મહાનગરપાલિકાની આગામી સામાન્ય સભા તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળશે. આ સભામાં શહેરના વિકાસને લગતા વિવિધ મહત્વના કામો તેમજ વહીવટી મુદ્દાઓ અંગે ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવશે.

સામાન્ય સભામાં વાપીના કરવડ અને વટાર વિસ્તારમાં ફાયર સ્ટેશનના બાંધકામ માટે જમીનની ફાળવણી, ભરવાડ વિસ્તારમાં કોમ્યુનિટી હોલના નિર્માણ સહિતના મુદ્દાઓ રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત, મહાનગરપાલિકા વિસ્તારમાં શેરી સફાઈ અને ઝાડી કાપવાની કામગીરી માટે એજન્સીઓ પાસેથી ટેન્ડર મંગાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવશે.

સાથે જ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬ના આધારે ઘન કચરા વ્યવસ્થાપનને લગતી મંજૂરી આપવા તેમજ સ્થાયી સમિતિની ભલામણ મુજબનાં વિવિધ વિકાસલક્ષી કામો અંગે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે.

આ ઉપરાંત, વાપી નગર નિયોજન સમિતિના ઠરાવ મુજબ વાપી અર્બન ડેવલપમેન્ટની વિકાસ યોજનાની દરખાસ્ત સરકારમાં મોકલવા માટે બહાલી આપવાનો મુદ્દો પણ સામાન્ય સભામાં રજૂ કરવામાં આવશે.

વાપી મહાનગરપાલિકાની આ સામાન્ય સભામાં શહેરના વિકાસ, અગ્નિશમન સેવાઓની સુવિધા, સ્વચ્છતા વ્યવસ્થા અને શહેરી આયોજનને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થવાની હોવાથી સભા મહત્વપૂર્ણ બની રહેશે.

## વલસાડમાં હોસ્પિટલ સાથે ઠગાઈ કરનાર આરોપી ૧૦ વર્ષે ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડની જાણીતી અમિત હોસ્પિટલ મેનેજમેન્ટ સાથે ૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ અમિત હોસ્પિટલ મેનેજમેન્ટ સાથે થયેલી લાખો રૂપિયાની ઠગાઈ અંગે ફરિયાદ નોંધાઈ હતી. વલસાડ ની અમિત હોસ્પિટલ માં થી કુલ ૨૧,૯૬,૯૯૪ ના બિલ પેટે માત્ર ૮,૯૮,૫૮૫ રૂપિયા જમા કરાવવામાં આવ્યા હતા, જ્યારે બાકી નીકળતી ૧૨,૯૮,૪૦૯ ની માતબર રકમ જમા ન કરાવી તેની બારોબાર ઉચાપત કરવામાં આવી હતી. આ ગુનો નોંધાયા બાદ આરોપી સુનિલ રમણ પટેલ (રહે. ઓવાડા ગામ, બારોડિયા ફળિયા, વલસાડ) ધરપકડથી બચવા માટે ભૂગર્ભમાં ઉતરી ગયો હતો.

લાખો રૂપિયાની નાણાકીય ઉચાપત કરી છેલ્લા ૧૦ મહિનાથી નાસતા ફરતા આરોપીને વલસાડ સીટી પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપીએ હોસ્પિટલના આશરે ૨૨ લાખ રૂપિયાના બિલ સામે માત્ર ૮.૯૮ લાખ રૂપિયા જમા કરાવી બાકીના ૧૨.૯૮ લાખ રૂપિયા પોતાના અંગત સ્વાર્થ માટે વાપરી નાખ્યા હતા. આ મામલે ગુનો નોંધાયા બાદ પોલીસથી ભાગતો ફરતો આરોપી આખરે જેલના સળિયા પાછળ પહોંચ્યો છે.

# મહારાષ્ટ્રના વાઢવણ બંદરના વિરોધી ગ્રામજનો સમક્ષ પ્રશાસક પ્રફુલભાઈ પટેલનો સૌમ્ય સ્વભાવ ઉજાગર થયો



## કેન્દ્ર સરકારે પ્રશાસકને સર્વોચ્ચ સુરક્ષા આપેલી હોવા છતાં તેઓએ વાઢવણના ગ્રામજનોની વાત શાંતિથી સાંભળી : છેલ્લા દસ વર્ષ દરમિયાન કેન્દ્ર શાસિત પ્રદેશોનો પ્રફુલભાઈ પટેલે ચહેરો બદલી નાખ્યો : દમણ આજે એટલું નયનરમ્ય બની ગયુ છે કે પ્રવાસીઓની તે પહેલી પસંદગી બની ગયેલ છે : દાદરા નગર હવેલી, દમણ, દીવ અને લક્ષ્યદ્વિપનો સર્વાંગી વિકાસ જોતાં પ્રશાસક એક વિકાસપુરુષ બની રહ્યાં છે : લો, લુપ્ત થઈ રહેલાં ઘોરાડ પક્ષીના બચ્ચને રાજસ્થાનમાં શિયાળ ખાઈ ગયું!

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી, દમણ અને દીવમાં અગાઉ પ્રશાસક તરીકે આઈ.એ.એસ. અધિકારીઓની નિમણૂંક થતી હતી. આ અધિકારીઓને આ સંઘપ્રદેશના વિકાસમાં કોઈ રસ નહોતો. રજવાડુ ચલાવતાં હોય એમ આવા પચ્ચીસ ઉપરાંત આઈ.એ.એસ. અધિકારીઓ આવ્યા અને ગયાં! નગર હવેલી જયાનું ત્યાં જ રહ્યું!

એ પછી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને થયુ કે આ સંઘપ્રદેશનો સર્વાંગી વિકાસ કરવો હોય તો અહીં અફસરશાહી પ્રશાસકના બદલે લોકાભિમુખ એવા રાજકીય પ્રશાસકને શાસનની ધુરા સોંપવી જોઈએ. વડાપ્રધાને પોતાના આ વિચારને તરત જ અમલી બનાવી દીધો અને દાદરા નગર હવેલીના પ્રશાસક તરીકે હીરાની પરખ ઝવેરી કરે એમ, ગુજરાતમાં ગૃહમંત્રી તરીકે સેવા આપી ચૂકેલા પ્રફુલભાઈ પટેલને દાદરા નગર હવેલીનું સુકાન સોંપી દીધુ. એ પહેલા તેઓને દમણ, દીવના પ્રશાસકની જવાબદારી સુપ્રત કરવામાં આવી હતી.

પ્રફુલભાઈ પટેલ અમે ભુલતા નહીં હોયએ તો, ૨૮મી ડિસેમ્બર, ૨૦૧૬માં દાદરા નગર હવેલીના પ્રશાસક તરીકે નિયુકત થયા હતાં.

પ્રફુલભાઈ પટેલના છેલ્લા દસ વર્ષના કાર્યકાળ દરમિયાન દાદરા નગર હવેલી અને દમણ, દીવે અકલ્પ્ય વિકાસ કર્યો છે. એક સમયના ગંદાગોબરા દમણને તેમણે છેલ્લા દસ વર્ષ દરમિયાન એટલું નયનરમ્ય બનાવી દીધુ છે કે દમણ, દીવ આજે દેશના જ નહીં વિશ્વના પ્રશાસન નકશામાં કંડારાઈ ગયું છે. પ્રવાસીઓ માટે દમણ કુંભમેળો બની રહેલ છે.

દાદરા નગર હવેલીમાં મેડિકલ કોલેજ થાય એવા સપ્નને કોઈને ખ્યાન નહોતો. આજે એ હકીકત બનેલ છે. આ સિવાય પણ પ્રશાસક પ્રફુલભાઈ પટેલે દાદરા નગર હવેલી, દમણ અને દીવમાં આરોગ્ય, શિક્ષણ, ઔદ્યોગિક વિકાસ, ઉડીને આંખે વળગે એવા સીફેસ અને અન્ય માર્ગોથી આ સંઘપ્રદેશ ઓળખ પાકી કરેલી છે.

દમણમાં કોમર્સિયલ વિમાન સેવા શરુ કરવાનનો યશ પ્રફુલભાઈ પટેલના ફાળે જાય છે.

પ્રફુલભાઈ પટેલે દાદરા નગર હવેલી દમણ અને દીવમાં સરકારી જમીન ઉપર કબજો જમાવી વિવિધ બાંધકામો ઠઠાડી દેનારાંઓને પણ સીધાદોર કરી પચાવી પાડેલી જમીનો મુકત કરાવેલી છે.

દમણ, દીવ અને દાદરા નગર હવેલીમાં નેત્રાદિપક વિકાસ કામોને જોઈ કેન્દ્ર સરકારે તેમને લક્ષદ્વીપના પ્રશાસક તરીકે પણ નિમણૂંક કરેલી છે અને લક્ષ્યદ્વીપમાં પણ પ્રફુલભાઈ પટેલે વિકાસના એટલાં કામો કર્યા છે. કે પ્રવાસીઓ હવે માલદીવના બદલે લક્ષ્યદ્વીપની મુલાકાત લેવા લાઈન લગાવે છે.

પ્રફુલભાઈ પટેલ દાદરા નગર હવેલી, દમણ, દીવ અને લક્ષ્યદ્વીપમાં પોતાની દીર્ધદ્રષ્ટી દ્વારા સર્વાંગી વિકાસના કામો એટલા માટે કરી શકયા કે તેમની ઉપર હંમેશા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આશીર્વાદ રહ્યાં છે. બાકી, આ પ્રદેશોના સ્થાપિત હિતો અને ભૂમાફિયાઓએ તેઓની કયારની બદલી કરાવી દીધી હોત. આપણે અખબારોમાં વાચીએ છીએ કે વહીવટીતંત્રના હિસ્સા જેવા અત્યત્ય પ્રમાણિક આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ. અધિકારીઓની સ્થાપિતહિતો અને રાજકારણીઓ છાશવારે બદલી કરાવી નાંખતા હોય છે.

પ્રફુલભાઈ પટેલની નિયુકિત વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુદે કરેલી હોઈ દિલ્હીનું કોઈ પણ મંત્રાલય પ્રશાસક પ્રફુલભાઈ પટેલને

## દમણગંગાના તીરેથી



**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

હઠાવવાની હિંમત કરી શકતું નથી.

આવા વિકાસ પુરુષ પ્રફુલભાઈ પટેલ ચોવીસ કલાક તેમની હાથ નીચેના કેન્દ્રશાસિત પ્રદેશોના વિકાસ માટે વિચારતા જ રહે છે.

આવા વિચારના હિસ્સા તરીકે ગુજરાતની સીમા ઉપર જ આકાર લઈ રહેલા દહાણુ (જી. પાલઘર) બંદરના સ્થળની મુલાકાતે હાલમાં જ તેઓ પહોચ્યા હતાં.

આપણે ત્યા કોઈ પણ વિકાસ યોજના જાહેર થાય એટલે સ્થાનિક લોકો પોતાના ગરાસ લૂંટાઈ જવાનો હોય એમ વિરોધ કરવા મંડી પડે છે.

ઉમરગામ તાલુકાના મરોલીમાં કેટલાક વર્ષ ઉપર બંદર બનાવવાની યોજના જાહેર થઈ ત્યારે માછીમારો અને ખેડૂતોએ તેનો જબ્બર વિરોધ કર્યો હતો. કિનારા બચાવો, આંદોલન પણ શરુ કરવામાં આવ્યું હતું. ગુજરાત મેરીટાઈમ બોર્ડ આ વિરોધના કારણે મરોલી બંદર ઉપર પુર્ણવિરામ મુકી દીધુ હતું. અને નારગોલમાં બંદર ખસેડવાનું નક્કી કર્યુ હતું. પરંતુ નારગોલના સ્થાનિકોએ બંદરનો વિરોધ કરતાં નારગોલ બંદર ઉપર પણ મીઠું મુકાઈ ગયું હતું!

એ પછી દહાણુ પાસનો વાઢવણમાં, એટલે કે મહારાષ્ટ્રમાં વાઢવણ પોર્ટ પ્રોજેકટ લી. એ રૂા. ૭૬,૨૨૦ કરોડ રૂપિયાના ખર્ચે મેઘા પોર્ટ બનાવવાનું નક્કી કર્યુ. તા. ૩૦-૮-૨૦૨૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ બંદરનો શિલાન્યાસ વિધિ આટોપ્યો હતો.

વાઢવણના સમુદ્રની ઊંડાઈના કારણે અહીં મોટા કન્ટેનર્સની હેરફેર પણ થઈ શકે એમ છે. મોટા કાર્ગો વેસલ્સ પણ અહી આસાનીથી આવી શકે એમ છે.

આ વાઢવણ બંદર કાર્યરત થાય એ પછી દાદરા નગર હવેલી અને દમણના ઉદ્યોગોને એનો કેટલો લાભ મળી શકે તેનો અંદાજ મેળવવા પ્રશાસક પ્રફુલભાઈ પટેલ હાલમાં જ વાઢવણ ગયા હતાં.

પ્રફુલભાઈ પટેલની વાઢવણની મુલાકાત સમયે બંદરનો વિરોધ કરી રહેલા ગ્રામજનોએ મનમાની કરી બહારની વ્યકિતઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકી દીધો હતો અને પ્રશાસક પ્રફુલભાઈ પટેલ સાથે પણ વિવાદ છેડયો હતો. કેન્દ્ર સરકારે ઉચ્ચ સ્તરની સલામતી આપેલી હોવા છતાં પ્રશાસક પ્રફુલભાઈ પટેલે વાઢવણના ગ્રામજનો સાથે ખુબ જ સહાનુભુતિ પુર્વક વાતો કરી હતી. વાઢવણના ગ્રામજનો અને પ્રફુલભાઈ પટેલ વચ્ચે ચર્ચા થઈ હતી તેનો વિડીયો જોતાં જણાયું કે પ્રશાસક પ્રફુલભાઈ પટેલ ખરેખર એક ઉમદા અધિકારી છે. તેમનો હોદ્દો ઉપરાજયપાલના પદ જેટલો જ ઊંચો છે અને જાણવા પ્રમાણે તેઓને ઝેડ પ્લસની સુરક્ષા મળેલી છે.

છતાં પ્રફુલભાઈએ વિરોધ કરી કરેલા ગ્રામજનો સાથે ખુબ જ સંયમ અને વિવેકથી વાતો કરી હતી. અને તેઓની રજુઆતો સમજવાનો પ્રયાસ કર્યો હતો.

અમને જાણ છે ત્યાં સુધી, પ્રફુલભાઈ પટેલ કયારેક ગરમ પણ થઈ જતાં હોય છે. પરંતુ બંદરના વિરોધ કરનાર જુથ સાથે તેમણે જે વિવેકથી વાતો કરી તે જોતાં જરુર થાય કે પ્રફુલભાઈ પટેલ ખરેખર એક લોકાભિમુખ અધિકારી છે. તેમણે વિરોધીઓને દમણ આવવાનું આમંત્રણ પણ આપ્યું હતું. આ આપની મહાનતા છે પ્રફુલભાઈ.

### લો, ઘોરાડના બચ્ચાને શિયાળ ખાઈ ગયું!

ભારતમાં ઘોરાડ પંખી લુપ્ત થવાની અણી ઉપર છે. આજે ગુજરાતમાં એકાદ બે અને રાજસ્થાનના જેસલમેરમાં આંગળીના વેઢે ગણાય એટલાં જ ઘોરાડ પંખી (ગ્રેટ ઈન્ડીયન બલસ્ટાર્ડ) બાકી રહ્યા છે. રાજસ્થાનના જેસલમેર વિભાગમાં ઘોરાડના એક બચ્ચાને હાલમાં જ કોલર પહેરાવી છુટ્ટુ મુકવામાં આવ્યું હતું. લગભગ છ માસનું આ બચ્ચુ નેશનલ ડેઝર્ટ પાર્કમાં એક ઠેકાણે પાણી પીતુ હતું ત્યારે જંગલી શિયાળે તેને ફાડી ખાધુ હતું.

ઈલેકટ્રોનિક સેટેલાઈટ કોલરના કારણે આ બનાવની જાણકારી થતાં વાઈલ્ડ લાઈફ ઈન્ટીટયુટ ઓફ ઈન્ડિયા હરકતમાં આવ્યુ હતું અને તમત સ્થળ પર દોડી ગયા હતાં પરંતુ ત્યા સુધીમાં શિયાળનો તે ખોરાક બની ગયુ હતું. બીજા સાત જેટલા પંખીને ખુલ્લામાં છોડવાની યોજનાને આ બનાવને કારણે બ્રેક લાગી ગઈ છે.

અગાઉ કૃત્રિમ રીતે સેવેલ ઘોરાડના ઈંડામાંથી પેદા થયેલા ઘોરાડના બચ્ચાને ગુજરાતમાં લાવવામાં આવ્યું હતું. (રાજસ્થાનથી) પરંતુ તે પણ થોડા સમય બાદ અદશ્ય થઈ ગયુ હતું. શકય છે તે પણ જંગલી પ્રાણીનો ભોગ બન્યું હશે.

વન વિભાગે લુપ્ત થઈ રહેલા ઘોરાડ પંખીની સલામતી હવે વોટર ટાઈટ બનાવવી પડશે એમ લાગે છે. નહી તો આ જાતિને હંમેશા માટે ગુમાવી દઈશુ.

# ડરતાં-ડરતાં યુદ્ધ કરનારા પરાજય જ પામતા હોય છે

(ગતાંકથી શરુ)

મહાન પ્રજા જ સ્વશાસિત થઈ શકતી હોય છે, સામાન્ય પ્રજા ઈતરશાસિત હોય છે. (વધુ આવતા અંકે) મહાન પ્રજાના ઓછામાં ઓછા આટલા ગુણો હોય જ છે : ૧. અનુશાસિત, ૨. કર્તવ્યપરાયણ, ૩. મોરલવાળી, ૪. ન્યાય-પ્રેમી, ૫. સતચિંતનને સ્વીકારનારી, ૬. કર્મઠ અને ૭. બલિદાન-પ્રેમી આનાથી ઊલટા ગુણોવાળી પ્રજા કદી પણ મહાન ન થઈ શકે. આ બધા ગુણો ધર્મ-સંસ્કૃતિ અને અધ્યાત્મથી પુષ્ટ થવા જોઈએ. જો ધર્મ, સંસ્કૃતિ અને અધ્યાત્મ આ ગુણોને પુષ્ટિ ન આપે તો પ્રજા મહાન ન થઈ શકે. શૌર્ય વિના યોદ્ધા નહિ, અને યોદ્ધા વિના અન્યાયનો પ્રતિકાર નહિ, અન્યાયના પ્રતિકાર વિના ધર્મની સ્થાપના નહિ. કોઈ ચમત્કારથી ધર્મની સ્થાપના ન થાય. અન્યાય સામે સતત ઝઝૂમવાથી જ થાય. અન્યાય સામે સતત ઝઝૂમવું એ જ મોટી તપસ્યા છે. એ જ ખરા તપસ્વીઓ છે. તેનાથી જ ન્યાય સ્થાપિત થાય છે. તેનાથી પ્રજા સુખ-શાંતિ ભોગવે છે. ઉપવાસીઓથી નહિ. જેનામાં યોદ્ધાના ગુણો ન હોય તેને રાષ્ટ્રના મહત્ત્વનાં પદો ઉપર સ્થાપિત કરી શકાય નહિ. આઝાદી પછી જેટલાં યુદ્ધો થયાં તેમાં યોદ્ધાના ગુણો વિનાના નેતૃત્વે સંચાલન કર્યું. જે યુદ્ધ નેતા હતા જ નહિ, તેથી તેમણે મનમૂકીને સેનાને લડવા ન દીધી. ડરતાં-ડરતાં યુદ્ધ કરનારા પરાજય જ પામતા હોય છે. નિર્ણાયક યુદ્ધ માટે સેનાને મનમૂકીને લડવા દેવી જોઈએ. યોદ્ધાના ગુણ વિનાના રાજનેતાઓ સમાધાન માટે ઉતાવળા હોય છે. કાશ્મીરમાં પં. નહેરુજી, ૬૫ના યુદ્ધમાં શાસ્ત્રીજી, બાંગ્લાદેશના યુદ્ધમાં ઈંદિરાજી, કારગિલ યુદ્ધમાં બાજપેયી, પાર્લમેન્ટ અને મુંબઈ હુમલા વખતે જે તે નેતાઓએ સમાધાન માટે ઉતાવળ કરી હતી, કારણ કે તે યોદ્ધાગુણવાળા ન હતા. યુદ્ધને લાંબું ખેંચવું. પોતાના હિત પ્રમાણે સંધિ કરાવવી—આ બધા મક્કમતાના ગુણો ન હોય તો યુદ્ધના દ્વારા ધાર્યા સારાં પરિણામ ન મળી શકે.

## વાસ્તવિકતા



**સ્વામી સચ્ચિદાનંદ**

શાસકોમાં યોદ્ધાના ગુણો ન હોવાથી નથી તો આપણે સીમાડાના પ્રશ્નો ઉકેલી શકતા, નથી તો આંતરિક ધાર્મિક આતંકવાદ, આંતરિક રાજકીય વિદ્રોહ વગેરે પ્રશ્નોને ઉકેલી શકતા. તેથી બધું વિકરાળ થઈ રહ્યું છે. પરિણામ સારું નથી. પ્રત્યેક માતા-પિતાએ પોતાનાં બાળકોમાં યોદ્ધાના ગુણો વિકસાવવા જરૂરી છે. તો જ દેશ મહાન બને, તો જ પ્રશ્નો ઉકેલાય. હતાશ-નિરાશ કરનારાં દર્શનો, વિચારોથી પ્રજાને મુક્ત રાખવી જોઈએ. યોદ્ધાના ગુણોનો વિકાસ એટલે પ્રજાને ઝઘડાળુ બનાવવી કે હિંસાખોર બનાવવી તેવો નથી, પણ અન્યાય અત્યાચાર સામે બાથ ભીડવાની તથા વિજયી થવાની ક્ષમતા વધારવાની વાત છે. શાંતિ માટે શરણાગતિ નહિ પણ અશાંતિ ફેલાવનાર કે થોપનારની બોચી પકડીને તેને સાચા રસ્તે લાવવાની જેની પાસે ક્ષમતા છે તે રામ છે, શ્રીકૃષ્ણ છે, સાચો ઉદ્ધારક છે.

શાસન મુત્સદ્દીગીરીથી ચાલતું હોય છે. મુત્સદ્દીગીરી જન્મજાત હોય છે. જે જન્મજાત હોય છે તેના ઉપર જ ઘડતર થઈ શકે છે. જે જન્મજાત હોતું નથી તેનું ઘડતર કરી શકાતું નથી. મુત્સદ્દીગીરીનાં બે મુખ્ય લક્ષણો છે. ઠંડો સ્વભાવ અને ઓછું, માપસરનું બોલવું. ઉગ્ર સ્વભાવ કે અનાવશ્યક બકબક કરનાર મુત્સદ્દી ન થઈ શકે. મુત્સદ્દીપુરુષને સલાહકારો હોય. સાચા સલાહકારો વિના શાસન કરી શકાય નહિ. ઉગ્ર કે તિતાલી સ્વભાવવાળો શાસક સલાહકારોને પચાવી ન શકે. તેથી જલદીથી અનર્થો કરી બેસતો હોય છે. એ અનર્થો જ તેનું પતન કરાવી દે. તે શત્રુનું કામ કરે.સાચો મુત્સદ્દી તે છે જેને આવનારાં વર્ષો દેખાય, વીતેલાં વર્ષો દેખાય, આજુબાજુનું દેખાય, ચારે તરફનું દેખાય. ટૂંકી દૃષ્ટિવાળાને કશું ન દેખાય. તે કુશળ શાસક ન થઈ શકે. જેને ભવિષ્ય દેખાય તે જ ભવિષ્ય નિર્માતા થઈ શકે. પરાક્રમ વિનાની મુત્સદ્દીગીરી શાસક ન થઈ શકે, પણ સલાહકાર તો જરૂર થઈ શકે. જેને મિત્રો વધારતાં આવડે તે કુશળ રાજનેતા થઈ શકે. તે શત્રુને પણ મિત્ર બનાવે. અનાડી શાસક મિત્રોને પણ શત્રુ બનાવીને પોતાનું જ કામ બગાડતો રહે છે. જેને મનાવી લેતાં આવડે તે શાંતિથી ઊંઘે. જેને ન આવડે તેની ઊંઘ બગડે. કુશળ શાસકમાં મનાવી લેવાના ગુણ હોવા જરૂરી છે. અહંકારી અને તોછડા વ્યવહારવાળો શાસક હિતકારી અસંતુષ્ટ વ્યક્તિને મનાવી શકતો નથી તેથી શત્રુઓ વધારતો થઈ જાય છે. જીવનની સ્થાયી કારકિર્દી મોરલથી મળતી હોય છે. મોરલનાં મુખ્યતઃ બે ક્ષેત્રો છે. મની મોરલ અને ૨. સૅક્સ મોરલ. જીવન, ચીકણા ઢાળ ઉપર નીચે દોડતી કાર જેવું છે. મજબૂત બ્રેક ન હોય તો સ્લિપ થઈ જાય. મોરલ મજબૂત બ્રેકનું કામ કરે છે. મોરલ આનુવંશિકતા, માતાના સંસ્કાર, ધર્મભીરુતા, સત્સંગ અને સમજણથી આવતું હોય છે અને ટકતું હોય છે. મોરલહીન માણસોની ચઢતીની ઈર્ષ્યા કરનાર લાંબો સમય મોરલ સાચવી ન શકે. હકની કમાણીમાં સંતોષ કરનાર જ મની મોરલ સાચવી શકે છે. આવો કારભારી કારભારને ડાઘયુક્ત રાખતો હોય છે. સેક્સ મોરલને ચારિત્ર્ય કહેવાય છે. ચારિત્ર્યવાન શાસક પ્રજાને ચારિત્ર્યનો સંદેશો આપતો હોય છે. . ચારિત્ર્યરક્ષણ માટે લગ્નસંસ્થા જરૂરી છે. એકલો પુરુષ કે એકલી સ્ત્રી લાંબો સમય ચારિત્ર્ય સાચવી શકતાં નથી. કુદરતી આવેગોની પ્રચંડતા સામે ટકી શકવું અત્યંત કઠિન કામ છે. એટલે લગ્ન જરૂર કરવાં. લગ્નના મુખ્યતઃ બે પ્રકાર છે. ૧. સાંસારિક. સમાજમાન્ય લગ્ન અને ૨. ઈશ્વરીય લગ્ન. જે કદાચ સમાજમાન્ય ન પણ હોય. માત્ર સમાજમાન્ય લગ્નોમાં બહુ થોડો દૈવીભાવ હોય છે. ઈશ્વરીય ભાવ વિના લગ્નજીવન ધન્ય થઈ શકતું નથી. ઈશ્વરીયભાવ દબાણથી કે ઉપદેશથી નથી આવતો. તે માત્ર ને માત્ર હૃદયથી જ આવે છે. બે તનને મેળવી આપે તે સમાજમાન્ય લગ્ન કહેવાય. પણ બે હૃદયને અને છેવટે બે આત્માને પણ મેળવી આપે તે ઈશ્વરીય અથવા દૈવી લગ્ન કહેવાય, જે દુર્લભ છે. ઈશ્વરીય લગ્નની મૂલાધાર સ્ત્રી છે. તેના સંપૂર્ણ સમર્પણ અને પૂર્ણ સંતોષથી જ દૈવી યા ઈશ્વરીય લગ્ન થતાં હોય છે અને સફળ રહેતાં હોય છે. જે સ્ત્રી સમર્પિત ન હોય, સંતોષી ન હોય, પતિ પ્રત્યે અહોભાવ ધરાવનારી ન હોય, અભિમાની અને ઝઘડાખોર હોય, નવા-નવા પુરુષો શોધનારી હોય તેની સાથે લગ્ન કરવા કરતાં કુંવારા રહેવું સારું. પત્નીસુખ વિનાનું જીવન જીવવું પણ ઉપરનાં અપલક્ષણોવાળી સ્ત્રી સાથે લગ્ન કરીને મહાદુઃખી ન થવું. આવું જ વિલોમમાં પુરુષો માટે પણ કહી શકાય. પ્રત્યેક સમર્થ વ્યક્તિએ લગ્ન કરવાં જ જોઈએ પણ બધાં જ લગ્નો સુખદાયી નથી નીવડતાં તે પણ સમજવું જોઈએ. નિષ્ફળ લગ્નો ભારત જેવા દેશોમાં મહાત્રાસદાયી થઈ શકે છે. તેનો ભય લાગતો હોય તેણે ઓછું ત્રાસદાયી કુંવારાપણું સ્વીકારવું. લગ્નજીવન સ્વીકારીને પણ જે સેક્સ મોરલ વિનાનાં હોય તે મહાપાપી છે. તેમની પ્રતિષ્ઠા ન હોય. તે ક્ષમ્ય ન હોય. એકાકી રહી ગયેલાં સ્ત્રી-પુરુષોનું કામસ્ખલન ક્ષમાને પાત્ર, દયાને પાત્ર હોઈ શકે. જો બન્ને એકાકી હોય. અર્થાત્ કોઈનું ઘર બગડતું ન હોય કે ભાંગતું ન હોય તો. સૌથી મોટો અનર્થ ઈચ્છવા છતાં પણ લગ્ન ન કરી શકનારાં એકાકી, કામવ્યાકુળ સ્ત્રી-પુરુષો સર્જતાં હોય છે. સમાજરક્ષા માટે તેમને યથાસંભવ પાત્રો સાથે જોડી દેવાં હિતાવહ છે. અન્યથા અનેક વિકૃતિઓથી સમાજ ભ્રષ્ટ થવા લાગશે. ઈશ્વરીય લગ્ન આધ્યાત્મિક જીવન માટે સહાયક બને છે. બાધક નહિ. સુશીલ પત્નીઓને તરછોડીને મોક્ષ ન પમાય. તેવો આદર્શ પણ ન અપાય.

(વધુ આવતા અંકે)

# વાપીનું પુષ્પમ ટ્રસ્ટ : સેવા, સંસ્કાર અને સમર્પણનું પ્રતીક સમાન છે

## ટ્રસ્ટ દ્વારા સામાજિક, શૈક્ષણિક આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન યથાવત રાખ્યું છે








(મુકુંદ સોની દ્વારા)

**વાપી, તા. ૨૭ :** વર્ષ ૨૦૧૫થી કાર્યરત પુષ્પમ ટ્રસ્ટ સમાજસેવા, માનવ કલ્યાણ અને રાષ્ટ્ર નિર્માણના કાર્યોમાં સતત સમર્પિત ભાવથી કાર્યરત એક અગ્રણી સેવાકીય સંસ્થા છે. 'નર સેવા એ જ નારાયણ સેવા'ના પવિત્ર સૂત્રને જીવનમાં ઉતારી ટ્રસ્ટે ધર્મ, શિક્ષણ, આરોગ્ય, ગૌસેવા અને સામાજિક ઉત્થાનના ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. છેલ્લા દાયકામાં ટ્રસ્ટની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા હજારો પરિવારો, વિદ્યાર્થીઓ, મહિલાઓ, બાળકો અને જરૂરિયાતમંદ નાગરિકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ મળ્યો છે.

ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે ટ્રસ્ટ દ્વારા આદિવાસી વિસ્તારોમાં ભગવાન શ્રી હનુમાનજીના ચાર ભવ્ય મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઉપરાંત વિવિધ ધાર્મિક સ્થળોના વિકાસ માટે સહયોગ આપી સમાજમાં આધ્યાત્મિકતા, સંસ્કાર અને સામાજિક એકતાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

લોકઉપયોગી કાર્યો અંતર્ગત બે જાહેર પાણીની પરબ, બે આંગણવાડી ભવનો, શાળા નિર્માણમાં સહયોગ, મહારાણા પ્રતાપ સર્કલ, મહિલા મંડળ સર્કલ તથા મા સરસ્વતી મંદિર જેવા અનેક લોકોપયોગી પ્રકલ્પો સાકાર કરવામાં આવ્યા છે. આ સુવિધાઓથી દર વર્ષે હજારો લોકોને લાભ મળી રહ્યો છે.



શિક્ષણ ક્ષેત્રે આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને ફી સહાય પૂરી પાડી તેમને શિક્ષણ સાથે જોડાયેલા રાખવાનો પ્રયાસ કરવામાં આવે છે. સામાજિક સમરસતા માટે ટ્રસ્ટે આશરે ૨૦૦ સમૂહલગ્ન સમારંભોમાં સક્રિય સહયોગ આપ્યો છે.

આરોગ્ય સેવાઓ અંતર્ગત છેલ્લા ૧૦ વર્ષથી ઓર્થોપેડિક સહાય યોજના ચલાવવામાં આવી રહી છે, જેના દ્વારા વ્હીલચેર, કેલિપર્સ, ઘોડી સહિતના સાધનો જરૂરિયાતમંદોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. કોરોના મહામારી દરમિયાન પણ ટ્રસ્ટે ૧૦૦૦થી વધુ પરિવારો સુધી રાહત સામગ્રી પહોંચાડી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સ્વર્ગસ્થ ચક્ષુદાતા ભામાશાહ શ્રી મદનલાલજી અને પૂજ્ય શ્રીમતી પુષ્પા દેવીજીની પ્રેરણાથી કાર્યરત પુષ્પમ ટ્રસ્ટ આજે પણ સેવા, સંસ્કાર અને સમર્પણના મૂલ્યો સાથે સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે.



# જેલર ૨એ વિશ્વભરમાં ૭૧૦ કરોડની કમાણી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૭ :** સુપરસ્ટાર રજનીકાંત સ્ટારર તમિલ એક્શન થ્રિલર 'જેલર ૨' સિનેમાઘરોમાં રિલીઝ થયાને ૧૧ દિવસ પૂર્ણ થઈ ગયા છે, છતાં દર્શકોમાં આ ફિલ્મનો ક્રેઝ અકબંધ જોવા મળી રહ્યો છે. ૧૫ ઓક્ટોબરે રિલીઝ થયેલી આ ફિલ્મને દશેરાના તહેવાર ટાણે રજાઓનો પૂરો ફાયદો મળ્યો છે. તાજેતરમાં જ રજનીકાંત પોતાના પૌત્ર લિંગા સાથે આ ફિલ્મ જોવા થિયેટર પહોંચ્યા હતા. આ ફિલ્મે કમાણીમાં રિલીઝના ૧૧ દિવસની અંદર જ વિશ્વભરમાં રૂપિયા ૭૦૦ કરોડથી વધુનો આંકડો વટાવી લીધો છે.કમાણી વિગતે વાત કરવામાં આવે તો, તારીખ ૨૪ ઓક્ટોબરની સરખામણીએ ૨૫ ઓક્ટોબરે 'જેલર ૨'ના નેટ કલેક્શનમાં ૬.૪ ટકાનો વધારો નોંધાયો છે. ૨૪ ઓક્ટોબરે ફિલ્મે ૨૪.૧૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો, જેમાં તમિલમાંથી રૂપિયા ૧૭.૩૫ કરોડ, તેલુગુમાંથી રૂપિયા ૦૪.૫૦ કરોડ, હિન્દીમાંથી રૂપિયા ૩.૧૫ કરોડ અને કન્નડમાંથી રૂપિયા ૭૦ લાખનું કલેક્શન થયું હતું.જ્યારે ૧૧મા દિવસ એટલે કે રવિવારની વાત કરીએ તો, આ ફિલ્મે દેશભરમાં રૂપિયા ૨૫.૭૦ કરોડની કમાણી કરી હતી. આ સાથે જ ભારતમાં ફિલ્મનું કુલ નેટ કલેક્શન રૂપિયા ૩૯૮.૭૦ કરોડ થઈ ગયું છે. ઓવરસીઝ માર્કેટની વાત કરીએ તો, ૧૧મા દિવસે ફિલ્મે વિદેશમાંથી રૂપિયા ૧૦ કરોડ કમાયા હતા, જેનાથી ગ્લોબલ ગ્રોસ કલેક્શન રૂપિયા ૭૧૦.૩૫ કરોડ સુધી પહોંચી ગયું છે.ભારતમાં રૂપિયા ૩૯૮.૭૦ કરોડની કમાણી સાથે 'જેલર ૨' ભારતમાં બીજી સૌથી વધુ કમાણી કરનારી તમિલ ફિલ્મ બની ગઈ છે. જોકે, વર્લ્ડવાઈડ કલેક્શનના મામલે આ ફિલ્મ સૌથી આગળ નીકળી ગઈ છે. ભારતમાં તમિલ સિનેમાની સૌથી મોટી ફિલ્મ બનવા માટે તેણે રજનીકાંતની જ ફિલ્મ '૨.૦' નો રેકોર્ડ તોડવો પડશે, જેનાથી 'જેલર ૨' હવે માત્ર રૂપિયા ૬.૩૦ કરોડ જ દૂર છે.નેલ્સન દિલીપકુમાર દ્વારા લિખિત અને નિર્દેશિત 'જેલર ૨' નુ નિર્માણ કલાનિધિ મારન દ્વારા 'સન પિક્ચર્સ'ના બેનર હેઠળ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ ૨૦૨૩માં આવેલી સુપરહિટ ફિલ્મ 'જેલર'ની સિક્વલ છે. ફિલ્મમાં રજનીકાંત ઉપરાંત રમ્યા કૃષ્ણન, યોગી બાબુ, મિરના અને રીતુ મુખ્ય ભૂમિકામાં છે. આ ભાગમાં એસ.જે. સૂર્યા, મિથુન ચક્રવર્તી, સૂરજ વેંજારામૂડુ અને વિદ્યા બાલન પણ મહત્વના રોલમાં જોવા મળે છે, જ્યારે મોહનલાલ, ઋતિક રોશન, શિવા રાજકુમાર અને જેકી શ્રોફ જેવા દિગ્ગજ કલાકારોએ કેમિયો રોલ કર્યો છે.

DGT
આપનું અખબાર : આપનો અવાજ

# પારડી તાલુકા વિશેષ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com



## કિલ્લા પારડીથી નાસિક હાઈવે ફોરલેન બનશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૭ :** કિલ્લાપારડીથી નાસિક હાઈવે ફોરલેન બનશે પારડીના બી. એન. જોષીની રજૂઆતના ૧૮ મહિના બાદ વિભાગનો જવાબ મળ્યો છે કુંભઘાટ અને માંડવાજોગવેલના ઢાળ બંને બાજુ ચાર-ચાર ફૂટ પહોળા કરવાની માંગ કરી છે ૩૭.૪ કિમી સુધીના માર્ગ માટે જોબ નંબર ફાળવાયો છે જમીન સંપાદન પ્રગતિ હેઠળ છે વલસાડ જિલ્લાના વાહનચાલકો માટે મહત્ત્વના ગણાતા નેશનલ હાઈવે ૮૪૮ને ફોરલેન બનાવવા તેમજ કુંભઘાટ અને માંડવા-જોગવેલના ઢાળને પહોળા કરવાની રજૂઆત અંગે લગભગ ૧૮ મહિના બાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગનો લેખિત જવાબ મળ્યો છે. મોટાપોંઢા કોલેજના નિવૃત્ત આચાર્ય બી. એન. જોષીએ તા. ૨૭ માર્ચ, ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રી ડેશબોર્ડ પર આ અંગે રજૂઆત કરી હતી. તેના જવાબમાં ભરૂચ સ્થિત રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગે તા. ૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પત્ર પાઠવી પ્રોજેક્ટની સ્થિતિ અંગે માહિતી આપી છે ૩૭.૪ કિમીના માર્ગ માટે જોબ નંબર ફાળવાયો છેવિભાગના પત્ર મુજબ, કિલ્લા-પારડીથી નાસિક તરફ જતા નેશનલ હાઈવે-૮૪૮ને ફોરલેન કરવા માટે ભારત સરકારના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા ઉચ્ચ કક્ષાએથી મંજૂરી આપવામાં આવી છે. કિલોમીટર ૦/૦૦૦થી ૩૭/૪૦૦ સુધીના માર્ગ માટે જોબ નંબર ફાળવવામાં આવ્યો છે. હાલમાં જમીન સંપાદનની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

પ્રિ-કન્સ્ટ્રક્શન કામગીરી પૂર્ણ થયા બાદ ફોરલેન માર્ગનું કામ શરૂ કરવામાં આવશે તેમ પત્રમાં જણાવાયું છે વધુમાં, કિલોમીટર ૩૭/૪૦૦થી ૬૬/૭૦૦ સુધીના માર્ગ માટે ડીપીઆર અંતર્ગત પથરેખાની મંજૂરીની પ્રક્રિયા ચાલુ હોવાનું પણ વિભાગે જણાવ્યું છે. કુંભઘાટ અને માંડવા-જોગવેલના ઢાળ પહોળા કરવાની માંગ કરી છે બી. એન. જોષીએ કુંભઘાટ તથા માંડવા-જોગવેલના ઢાળને બંને બાજુ ચાર-ચાર ફૂટ પહોળા કરવાની માંગ પણ રજૂઆતમાં કરી હતી.

આ વિસ્તારોમાં માર્ગની સ્થિતિ સુધરે અને વાહનચાલકોને અવરજવરમાં સુવિધા મળે તે હેતુથી રજૂઆત કરવામાં આવી હતી મુખ્યમંત્રી ડેશબોર્ડ પર કરાયેલી રજૂઆતના આશરે ૧૮ મહિના બાદ વિભાગનો જવાબ મળતાં હવે માર્ગના કામ અંગે આગળની કાર્યવાહી પર સ્થાનિક લોકોની નજર રહેશે. જોકે, ઢાળ પહોળા કરવાની કામગીરી માટે અલગથી કઈ મંજૂરી આપવામાં આવી છે અને કામ ક્યારે શરૂ થશે તે અંગે પત્રમાં સ્પષ્ટ સમયમર્યાદા દર્શાવવામાં આવી નથી જમીન સંપાદન અને પ્રિ-કન્સ્ટ્રક્શનની કામગીરી પૂર્ણ થયા બાદ ફોરલેન માર્ગનું નિર્માણ શરૂ થવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થાય તો કપરાડા સહિત આસપાસના વિસ્તારોના વાહનચાલકોને માર્ગ સલામતી અને અવરજવરમાં રાહત મળવાની શક્યતા છે.

## પારડી પો.સ્ટે.માં ૨૦ વર્ષ જૂના ડીટેઈન કરાયેલા વાહનોની હરાજી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૭ :** પારડી પોલીસ સ્ટેશનમાં અંદાજે ૨૦ વર્ષ જૂના ડીટેઈન જપ્ત કરાયેલા કુલ ૧૬૦ જેટલા વાહનોની હરાજી રાખવામાં આવી હતી પારડી પોલીસ મથકે ફુક્કસ્જ્ટ એ.કે. વર્મા, પારડી પી આઈ વાય બી ગોહિલના અધ્યક્ષ સ્થાને વાહનોના હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાં ૧૦૩ ફોર વ્હીલર અને ૫૭ થ્રી વ્હીલર વાહનોનો સમાવેશ થયો હોય આ હરાજીની પ્રક્રિયામાં કુલ ૧૪૨ જેટલા વેપારીઓ હાજર રહ્યા હતા

અને અલગ-અલગ પ્રકારની બોલીઓ લગાવી હતી. આ વાહનોના લોટની શરૂઆતની ઓફસેટ કિંમત ૧૦ લાખ ૨૦ હજાર રૂપિયા રાખવામાં આવી હતી. ત્યાંથી બોલીની શરૂઆત થઈ હતી. ત્યારે પારડીના સંજરી સ્ક્રેપ ના સંચાલક સઈદ શેખ દ્વારા રૂ.૩૮.૧૦ લાખની બોલી લગાવતા સ્ક્રેપ વાહનો તેમને સોંપી હરાજીની પ્રક્રિયા પૂર્ણ અને ફાઈનલ કરવામાં આવી હતી.

## ઉમરસાડીની શ્રીમદ ભાગવત કથામાં ભકતો ઉમટયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૭ :** પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈવાડ ગામમાં આવેલ પીયુ મેરેજ હોલમાં પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ કરવામાં આવ્યો છે આ કથા તારીખ એક નવેમ્બર સુધી ચાલશે અહીં માજી તાલુકા પંચાયતના સદસ્ય બળવંતરાય પટેલ એમના દીકરા કુણાલભાઈ પટેલ અને એમના પરિવાર દ્વારા પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ ભાગવત કથા નો આયોજન કરવામાં આવ્યું છે આ ભાગવત કથાનું વાંચન દિવ્ય દીદી દ્વારા કરવામાં આવી રહ્યું છે ૨૫ મી ઓક્ટોબરે ભાગવત કથા શરૂ થઈ છે ભાગવત કથા ના બે દિવસ થઈ ચૂક્યા છે.

આજે ત્રીજો દિવસ છે ખૂબ વિશાળ સંખ્યામાં ગ્રામજનો દિવ્યા દીદી દ્વારા સંભળાવવામાં આવતી શ્રીમદ ભાગવત કથાનો રસ પાન કરી રહ્યા છે.

લોકોમાં અતૂટ શ્રદ્ધા છે કે ભાગવત કથા સાંભળવાથી પિતૃઓને મોક્ષ મળે છે અને લોક કલ્યાણ થાય છે.

## પારડી વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા શરદ પૂનમની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૭ :** પારડી વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા પારડી ધીરુભાઈ હોલમાં શરદ પૂનમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જે ઉજવણી દરમિયાન મોટી સંખ્યામાં વરિષ્ઠ ભાઈ બહેનો જોડાયા હતા અને માતાજીની આરતી સાથે ગરબા રમવામાં આવ્યા હતા. વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખ એન કે દેસાઈ મંત્રી પ્રફુલભાઈ લાડ ખજાનચી દલપતભાઈ ચાપાનેરી સહ ખજાનચી જયંતીભાઈ પ્રજાપતિ તથા મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિક મંડળના ભાઈ બહેનો ધીરુભાઈ હોલમાં ભેગા થયા હતા અને શરદ પૂનમની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી દરમિયાન અંબા માતાના રાસ ગરબા ગવાયા હતા.

આરતી કરવામાં આવી હતી વરિષ્ઠ નાગરિક ભાઈ બહેનોનો સન્માન કરવામાં આવ્યો હતો ખાસ બાબતો હતી કે વરિષ્ઠ નાગરિક મંડળના સદસ્ય યુસુફભાઈ બેદાવાલા તેઓએ માતાજીની આરતી કરી હતી વંદના કરી હતી અને તમામ લોકોને સરદ પૂનમની શુભકામનાઓ આપી હતી. આ પ્રસંગે દૂધ પવા અને દેસાઈ વાળા વિતરણ કરવામાં આવ્યા હતા જેનો સ્વાદ તમામ વડીલો એ માંડ્યો હતો.

## પારડીમાં સંઘ દ્વારા વિજયાદશમી ઉત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૭ :** પારડીમાં ધીરુભાઈ હોલમાં આજરોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પારડીનગર દ્વારા વિજયાદશમી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અહીં યોજાયેલ વિજયાદશમી ઉત્સવ ની શરૂઆત ધજા પૂજન દ્વારા કરવામાં આવી હતી ત્યારબાદ ઉપસ્થિત અગ્રણી નિવૃત્ત શિક્ષક અનિલભાઈ ઠાકોર તાલુકા સંઘચાલક જયસુખ પટેલ પારડી સંઘચાલક મનીષભાઈ રાણા આગ્રાણી રાજેશભાઈ રાણા ના વરદ હસ્તે શસ્ત્ર પૂજા કરવામાં આવી હતી ત્યારબાદ અનિલભાઈ ઠાકોર દ્વારા પ્રવચન કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક દળના જવાનો દ્વારા કરવામાં આવતી સેવાઓ વિશે તેઓએ જાણકારી આપી હતી.કોઈપણ મહામારીનો સમય હોય કે અતિવૃષ્ટિ હોય રાષ્ટ્રીય સ્વયંસેવકના જવાનો જનતાના વાહરે જઈને મુશ્કેલી પરિસ્થિતિઓમાં પણ સેવા કરે છે જે અંગેની સંપૂર્ણ જાણકારી તેઓએ આપી હતી કાર્યક્રમ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ હોદ્દેદારો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા પાલિકાના કારોબારી અધ્યક્ષ ચેતનભાઈ ભંડારી તથા સદસ્ય જીગ્નેશભાઈ પટેલ એડવોકેટ જે પ્રકાશભાઈ દેસાઈ ભંડારી સમાજના અગ્રણી જયંતીભાઈ ભંડારી ભરતભાઈ ભંડારી સુભાષભાઈ ટંડેલ પ્રફુલભાઈ સાથે અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## પારડીમાં ભંડારી સમાજ દ્વારા નવરાત્રી ગરબા યોજાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૭ :** સમાજની માતૃસંસ્થા શ્રી ભંડારી જ્ઞાતિ મંડળની ૭૯ વર્ષ બાદ મંડળના અથાગ સહયોગ થકી શરદ પૂર્ણિમાના પાવન પર્વ પર પ્રથમવાર મેગા નવરાત્રી ૨૦૨૬ના આયોજનની શરૂઆતમાં જંગદંબાની આરતી કરી સમાજના આગેવાનો પ્રજ્ઞેશભાઈ પટેલ, દિપ્તી ભંડારી , હેતલબેન પટેલ, જયેશભાઈ ભંડારી, ભરતભાઈ પટેલના નિલેશભાઈ ભંડારી ચેતનભાઈ ભંડારીઓની ઉપસ્થિતી સાથે સ્પેશિયલ ગેસ્ટ ક્વીનસી ભગત ગત સભાના પ્રમુખ દિપીનભાઈ જાદવ હાજરીમાં સમસ્ત સમાજના મોટી સંખ્યામાં ખૈલેયાઓ પરીવાર સહિત ગરબે ઘુમી રમઝટ આનંદોત્સવ ઉજવણી કરી હતી. આ મહાપર્વની શરૂઆતથી અંત સુધી મંડળને સાથ-સહકાર આપી ઉત્સાહ વધાર્યો હતો. ખૈલેયાઓ તથા ગરબા રસિકો માટે સમાજના દાતાઓ મંડળના પ્રમુખ ચેતનભાઈ પટેલ તથા વ્યવસ્થાપક કમિટી દ્વારા ૮૯ બમ્પર ઈનામો જાહેર કરેલ હતાં. જેમા નિર્ણાયક જજ તરીકે જીવેશ પટેલ, દિશા રાજપૂત, દિપ પટેલે આખરી વિજેતા તરીકે પ્રિન્સ, યક્ષ, હિતેષ પટેલ ખડકી, જેન્સી નીતિન ભંડારી ખડકી, આયુષ એસ. ભંડારી કડૈયા, ઈશિતા કલ્પેશ ભંડારી વલસાડ, જય ડી. પટેલ કડૈયા, જિગીષા નારણ ભંડારી દમણ વિજેતા તરીકે જાહેર કરી હતી. દરેક ખૈલેયા ટીમને સન્માનિત કરવા આવ્યા હતાં. આ પ્રસંગે મંડળના ટ્રસ્ટીઓ દિલીપભાઈ, નિલેષભાઈ, સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ગરબા મહોત્સવને સફળ બનાવવા મંત્રી ભુપેન્દ્રભાઈ, કમલેશભાઈ, વિજેન્દ્રભાઈ, જીતેન્દ્રભાઈ, મંડળના તમામ કારોબારી સભ્યોઓ સાથે ગામોના યુવાઓ જહેમત ઉઠાવી સંચાલન ઉપપ્રમુખ નેહલભાઈ કરી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરવામાં આવ્યો હતો.

## ઉમરસાડી માછીવાડમાં શરદ પૂનમ મહોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૭ :** પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામમાં શરદ પૂનમ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રી માછી મહાજન પંચ ઉમરસાડી માછીવાડ સંચાલિત શ્રી ન્યુ વિજય સ્ટ્રીટ આયોજિત ઉમરસાડી માછીવાડ વિવિધ સેવા સહકારી મંડળીના ચોગાનમાં શરદ પૂનમ મહોત્સવ નિમિત્તે સરગમ મ્યુઝિકલ ગૃપના સથવારે રાસ ગરબાની રમઝટમાં ગ્રામજનો મન મૂકીને ઝુમતા નજરે પડ્યાં હતાં. આ મહોત્સવમાં માછી મહાજન પંચના પ્રમુખ ક્રિષ્નાભાઈ વી. ટંડેલ, ઉપપ્રમુખ પ્રવિણભાઈ ડી. ટંડેલ, અશોકભાઈ ટંડેલ, જગદીશ મિસ્ત્રી, દલપતભાઈ ટંડેલ તથા મંદિર કમિટીના પ્રમુખ રામચંદ્રભાઈ ટંડેલ, હિતેશભાઈ ટંડેલ તથા અન્ય હોદ્દેદાર ગામના સરપંચ ખુશ્બુબેન ટંડેલ, પ્રજ્ઞાબેન ટંડેલ, મેમ્બર્સભાઈઓ, મહિલા મંડળ, ગામના આગેવાનો, વડીલબંધુઓ, નવયુવાનો, માતાઓબહેનો તથા નાના બાળકો ઉપસ્થિતિ રહ્યાં હતાં. દર વર્ષની જેમ આ વર્ષે પણ વંશપરંપરાગત મુજબ વર્ષો જૂની પરંપરા મુજબ શરદ પૂનમ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવમાં ભાગ લઈ ગામજનો આનંદ વિભોર જોવા મળ્યા હતા.

આ રીતે સમગ્ર ભાવિક ભક્તજનો મહોત્સવનો હિસ્સો બની ધન્યતા અનુભવી રહ્યા હતા. અંતે બરાબર રાત્રે ૧૨ કલાકે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના પૂજારીના વરદ હસ્તે ઠાકોરજી તથા માતાજીની આરતી ઉતારવામાં આવી હતી. ઉપસ્થિત ભક્તજનો આરતી અને પૌવાની પ્રસાદ લઈ ઘર તરફ પલાયન થયા હતા. આ કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી શ્રી ન્યુ વિજય સ્ટ્રીટના સીરે હતી. આખું ફળિયુ સખત મહેનત કરતા નજરે પડ્યા હતા. નવા ફળિયાના સહિયારા પ્રયાસો થકી આ કાર્યક્રમ સફળ નિવડ્યો હતો.

## પારડીના એપાર્ટમેન્ટમાંથી રૂખઈનું રેસ્કયુ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૭ :** પારડી ખાતે લક્ષ્મી એપાર્ટમેન્ટના એક સાપ દેખાતા તાત્કાલિક જીવ દયા ગ્રુપના પ્રમુખ અલી અન્સારી અન્સારી ને જાણ કરતા અલી અન્સારી તથા એમની છોકરી આયશા અન્સારી આવીને જોયું તો એક બિનજેરી રૂખઈ સાપ દેખાતા તાત્કાલિક આઈસા અન્સારીએ એ સાપને સાચવીને રેસ્ક્યુ કર્યું હતું અને મનુષ્ય ના વસ્તીથી દૂર છોડવાની તજવીજ હાથ ધરી હતી



આઈસા અનસારી પોતાના ફાધર જોડે પહેલીવાર રેસ્ક્યુ કરવાનું ચાલુ કર્યું છે ત્યારે સાહસિક છોકરી પણ સાપ પકડી શકે છે એ દરેક સમાજની છોકરીઓએ શીખવાની જરૂર છે.

## પારડી પાલિકાએ વિવિધ વિસ્તારોમાં સફાઈ અભિયાન કરાવ્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૭ :** પારડી નગરપાલિકા દ્વારા આજરોજ સવારે ૭:૦૦ કલાકથી વલસાડી ઝાપાના મેઈન ગેટ પાસેથી મસ્જિદ પાસે અબ્દુલકલામ ચોક સામે, તેમજ ધર્મશાળા સામે ગૌરવપથથી જુના બસ સ્ટેન્ડ સર્કલ સુધી બિરસા મુંડા સર્કલ પાસે તેમજ ચાર રસ્તા પરથી ચિવલ રોડ વાલ્મિકીવાસ સુધી સાફ સફાઈ અભિયાન કરાવ્યું હતું. તેમજ જંતુનાશક પાવડરનો છંટકાવ જુના બોડ ઉતાર્યા અને ઝાડવા કાપ્યા દિવાળીના તહેવારો નિમિત્તે ચીફ ઓફિસર કોમલબેન, પ્રમુખ ચેતનભાઈ નાયકા, ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ, કારોબારી અધ્યક્ષ ચેતનભાઈ ભંડારીના માર્ગદર્શન મુજબ આરોગ્ય ચેરમેન કિરણભાઈ પટેલ, સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલભાઈ પરમાર તેમજ સુપરવાઈઝર પંકજકુમાર ગરણીયા તેમની સફાઈ કર્મચારીઓની ટીમ સાથે જીસીબી, ટ્રેક્ટર, ટેમ્પો સાથે રાખી કામગીરી પૂર્ણ કરી હતી.

**દમણગંગા ટાઈમ્સ**

**પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો**

**મો. : ૯૮૭૯૩૭૪૬૦૫**

### મચ્છી માર્કેટ અને ફટાકડાની દુકાનોની તૈયારીઓથી

## પારડી તળાવ કિનારે ટ્રાફિક સમસ્યાની ભીતિ

**સાંકડા માર્ગ પર વાહનોની અવરજવર કેવી રીતે જળવાશે? ફટાકડાની દુકાનોની મંજૂરી અને સલામતી અંગે લોકોમાં સવાલો**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૭ :** પારડી તળાવની કિનારે હાલમાં એક તરફ મચ્છી માર્કેટનું કામ ચાલી રહ્યું છે, ત્યારે બીજી તરફ દિવાળી પર્વને ધ્યાનમાં રાખીને ફટાકડાની લારીઓ અને દુકાનો ગોઠવવાની તૈયારીઓ થઈ રહી હોવાનું જોવા મળી રહ્યું છે.

આ પરિસ્થિતિને પગલે સ્થાનિક લોકોમાં માર્ગની સુવિધા, ટ્રાફિક વ્યવસ્થા અને જાહેર સલામતીને લઈને ચિંતા ઊભી થઈ છે. જો એક જ માર્ગ પર મચ્છી માર્કેટની પ્રવૃત્તિઓ અને ફટાકડાની દુકાનો ઊભી થશે, તો વાહનોની અવરજવર માટે પૂરતી જગ્યા રહેશે કે કેમ તેવો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, તળાવ કિનારાનો આ માર્ગ વાહનચાલકો ઉપરાંત કાયમી રાહદારીઓ માટે પણ ઉપયોગી છે. જો માર્ગની એક બાજુ મચ્છી માર્કેટ અને બીજી બાજુ ફટાકડાની દુકાનો ગોઠવવામાં આવશે, તો રસ્તો વધુ સાંકડો બનવાની શક્યતા છે. દિવાળીના દિવસોમાં ખરીદી માટે લોકોની અવરજવર વધતી હોવાથી આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બની શકે છે.

ખાસ કરીને ટુ-વ્હીલર, ફોર-વ્હીલર અને અન્ય વાહનો સામસામે આવે ત્યારે અવરજવર મુશ્કેલ બનવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. મચ્છી માર્કેટનું કામ અને ફટાકડાની દુકાનો ગોઠવવાની તૈયારીઓ વચ્ચે સ્થાનિક લોકોમાં સૌથી મોટો સવાલ એ છે કે શું આ માર્ગની અવરજવર કાયમી કે અસ્થાયી રીતે બંધ કરવામાં આવશે? જો માર્ગનો મોટો હિસ્સો દુકાનો અને લારીઓ માટે ઉપયોગમાં લેવાશે, તો વાહનચાલકોને વૈકલ્પિક માર્ગ અપનાવવો પડશે કે કેમ તે અંગે પણ સ્પષ્ટતા જરૂરી છે.

સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે કોઈપણ વ્યવસ્થા ઊભી કરતાં પહેલાં જાહેર માર્ગની પહોળાઈ, વાહનોની અવરજવર, રાહદારીઓની સલામતી અને કટોકટીના સમયે વાહનોને પસાર થવા માટે ઉપલબ્ધ જગ્યા અંગે યોગ્ય આયોજન થવું જોઈએ. માત્ર હંગામી વેપારની વ્યવસ્થા માટે જાહેર માર્ગ પર દબાણ ઊભું થાય અને તેના કારણે રોજિંદા વાહનચાલકોને મુશ્કેલી પડે તેવી સ્થિતિ ટાળવી જરૂરી છે.ધાર્મિક સ્થળો અને રહેણાક વિસ્તાર નજીક ફટાકડાની દુકાનો અંગે સવાલોફટાકડાની દુકાનો જ્યાં ગોઠવવાની તૈયારી થઈ રહી છે, તેની આસપાસ ધાર્મિક સ્થળો, લોકોની વસાહતો તથા અન્ય સંસ્થાઓ નજીક હોવાની બાબતને લઈને પણ લોકો પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. આવી જગ્યાએ ફટાકડાની દુકાનો ગોઠવવા માટે કઈ સત્તાએ મંજૂરી આપી છે.

સ્થળની તપાસ કરવામાં આવી છે કે નહીં? આગ નિવારણની વ્યવસ્થા, સુરક્ષિત અંતર અને કટોકટીના સમયે બચાવ કામગીરી માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ છે કે નહીં? આવા પ્રશ્નોના જવાબ સંબંધિત તંત્ર દ્વારા આપવામાં આવે તેવી માગ ઊઠી રહી છે.

### નિયમોનું પાલન અને તંત્રની જવાબદારી

ભારતમાં વિસ્ફોટક નિયમો, ૨૦૦૮ના નિયમ ૮૪ હેઠળ તહેવારો દરમિયાન કામચલાઉ ફટાકડાની દુકાનો માટે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા લાઈસન્સ આપવાની જોગવાઈ છે. નિયમ મુજબ દુકાનો વચ્ચે ઓછામાં ઓછું ત્રણ મીટરનું અંતર અને નિર્ધારિત સુરક્ષિત સ્થળોથી ઓછામાં ઓછું ૫૦ મીટરનું અંતર રાખવા સહિતની શરતો લાગુ પડે છે. દુકાનો જ્વલનશીલ ન હોય તેવી સામગ્રીના શેડમાં હોવી જોઈએ અને આગ નિવારણની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવી જરૂરી છે.

આથી પારડી તળાવ કિનારે ફટાકડાની દુકાનો ગોઠવવા માટે કઈ મંજૂરી આપવામાં આવી છે, સ્થળ પર લાગુ પડતા નિયમોનું પાલન થાય છે કે નહીં અને માર્ગ પર વાહનવ્યવહાર માટે પૂરતી જગ્યા રહે છે કે નહીં તેની સંબંધિત અધિકારીઓ દ્વારા તપાસ થવી જોઈએ.

### તંત્ર તાત્કાલિક સ્પષ્ટતા કરે તેવી માગ

સ્થાનિક લોકોની અપેક્ષા છે કે નગરપાલિકા, પોલીસ તંત્ર, ફાયર વિભાગ અને સંબંધિત લાઈસન્સિંગ સત્તાધિકારીઓ સ્થળની વાસ્તવિક પરિસ્થિતિનું નિરીક્ષણ કરે. ફટાકડાની દુકાનો માટે મંજૂર સ્થળ, સલામતીનાં ધોરણો અને ટ્રાફિક વ્યવસ્થાની વિગતો જાહેર કરવામાં આવે. જો આ સ્થળે જાહેર માર્ગ પર અવરજવરને અસર થતી હોય અથવા જરૂરી સલામતીનાં ધોરણોનું પાલન ન થતું હોય, તો નિયમ મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. દિવાળીનો તહેવાર સૌ માટે આનંદમય અને સુરક્ષિત રહે તે જરૂરી છે, પરંતુ તેની સાથે નાગરિકોની અવરજવર, જાહેર માર્ગનો ઉપયોગ અને આગ જેવી કટોકટીમાં બચાવ કામગીરીને પણ સમાન પ્રાથમિકતા મળવી જોઈએ. પારડી તળાવ કિનારે ઊભા થયેલા આ પ્રશ્નો અંગે સંબંધિત તંત્ર સમયસર સ્પષ્ટતા કરી યોગ્ય વ્યવસ્થા કરે તેવી લોકોની માગ છે.

દમણગંગા ટાઈમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 28, October 2026


## ચીન સાથે ફરી કસોટીની એરણે સંબંધોનાં સમીકરણ

ભારતના ચીન સાથેના સંબંધોમાં હંમેશાં ભરોસાનો અભાવ અને દોસ્તીની આડમાં દુશ્મનાવટની ભાવના સતત વણાયેલા રહ્યા છે. એક તરફ બન્ને દેશના સંબંધ સુધરી રહ્યા હોવાની છાપ ઉપસી રહી છે, ત્યારે બીજી તરફ વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર બન્ને દેશના લશ્કરો એકમેકની સામે આવી ગયા હોવાના ચિંતાજનક અહેવાલ સામે આવી રહ્યા છે. ચીન સાથેની નિયંત્રણ રેખાનો વિસ્તાર ભારે દુર્ગમ હોવાથી ત્યાં બનતા બનાવો ભાગ્યે જ સામે આવતા હોય છે, પણ આ વખતે તે વિસ્તારમાં તૈનાત ઈન્ડો તિબેટ બોર્ડર પોલીસ (આઈટીબીપી)ના વડાએ પોતે આ વાતનો ઉલ્લેખ કરતા ચીન સાથેના મૈત્રીભર્યા સંબંધની આશા પોકળ હોવાની પ્રતીતિ થઈ છે. આઈટીબીપીના ડીજી શત્રુજિતસિંહ કપૂરે તાજેતરમાં એક કાર્યક્રમમાં એલએસી પરની વાસ્તવિક્તાની વાત કરતાં ચીન સાથેના શાંત જણાતા સંબંધોમાં હવે શંકાના વમળો સર્જાયા છે. આમ તો તાજેતરમાં ભારતે અરુણાંચલપ્રદેશના અમુક વિસ્તારોનાં નામો પોતાની મરજી મુજબ બદલી નાખ્યાં છે. નવી દિલ્હીની હકુમત હેઠળના આ વિસ્તારો પર ચીનનો પોતાનો એક તરફી દાવો જૂનો રહ્યો છે. આ વર્ષે જુલાઈ મહિનામાં અહેવાલ આવ્યા હતા કે, રાજ્યના ઉપરી સુબનસિરી જિલ્લાના તાક્સિંગ વિસ્તારમાં ભારતીય અને ચીની લશ્કરી દળો સામ સામે આવી ગયા છે. જો કે, તે સમયે આ અહેવાલને કોઈ સત્તાવાર સમર્થન સાંપડયું ન હતું. ઑગસ્ટ મહિનામાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ સીમા વિવાદ અંગેની વાતચીતમાં ભાગ લેવા ચીન ગયા હતા. તે પછી ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા નવી દિલ્હી આવ્યા હતા. આમ તો જૂન ૨૦૨૦માં ગલવાન અથડામણ બાદ બન્ને દેશો વચ્ચેના સંબંધોમાં કડવાશ આવી ગઈ હતી. તે પછી મંત્રણાઓના વિવિધ દોર દ્વારા આ કડવાશને ધોવાના પ્રયાસ થયા હતા, પણ હવે આઈટીબીપીના વડાના ઘટસ્ફોટ બાદ વાતવરણ ફરી બગડી રહ્યાની પ્રતીતિ થઈ રહી છે. આમ થાય તો રાજદ્વારી પ્રયાસ નબળા પડી શકે છે. આમ તો સીમા વિવાદથી માંડીને નિયંત્રણ રેખા પર લશ્કરી તૈનાતી સુધીના તમામ મુદ્દા પર બન્ને દેશ વચ્ચે મંત્રણાની નિયમ વ્યવસ્થા છે. તેમ છતાં પણ એલએસી પર હજી સ્થિતિ તંગ રહી છે.

બીજી તરફ વિદેશમંત્રી એસ. જયશંકરે ચીન સાથેના સંબંધો અંગે સ્પષ્ટ કર્યું હતું કે, એ મોટા પડોશીઓ વચ્ચે મુદ્દામાં હશે, જેને ઓળખવા પડશે અને તેનું નિરાકરણ લાવવું પડશે આવા મતભેદો અપેક્ષિત હોય છે. તેમના પર ધ્યાન આપવાની જરૂર છે, તો આગામી ૧૪ કે ૧૫મી ડિસેમ્બરના શી અને આપણા વડાપ્રધાન વચ્ચે ફલોરિડામાં મુલાકાત ગોઠવાઈ રહી છે. અહીં એ નેંધવું પણ જોઈએ કે, શત્રુજિતસિંહ કપૂર ૩૧મી ઓક્ટોબરના આઈ.ટી.બી.પી.ના વડા તરીકે નિવૃત્ત થઈ રહ્યા છે. એવા સમયે તેમની વાતને ટાંકીને વિદેશમંત્રાલયે કહ્યું છે કે, ચીન દ્વારા સ્થાપિત પેટ્રોલિંગ પેટર્નથી અલગ થયા બાદ સ્થિતિ બગડતી હતી.ગલવાનની અથડામણ બાદ બન્ને તરફ ભારે લશ્કરી જમાવટ કરાઈ હતી. એલએસી સુધી ચોકીઓને આધુનિક સ્વરૂપ અપાયું છે. હાલે આમ તો પાંચ વર્ષ બાદ એલએસી પર વાતચીતના સંપર્ક ફરી સ્થપાયા છે, પણ બન્ને દેશનાં દળો હજી શાંતિની પોઝિશન પર પરત ફર્યા નથી. આવામાં આઈટીબીપીના વડાની વાતે એલએસી પર હજી સ્થિતિ સામાન્ય બનતા લાંબો સમય લાગી શકે છે એવી શક્યતાને નકારી શકાય તેમ નથી. ભારતે આધુનિક યુદ્ધ પદ્ધતિને ધ્યાનમાં રાખીને એલએસી પરની લશ્કરી જમાવટને નવો આપ આપવા પર ધ્યાન કેન્દ્રિત તો કરેલું જ છે પણ ચીનની તૈયારીની સરખામણીએ આપણે હજી પાછા પડી રહ્યા હોવાની પ્રતીતિ થઈ રહી છે, જે ખરા અર્થમાં ચિંતાજનક બાબત છે.

## SIRનો મોટો ઝટકો : કર્ણાટકની અંતિમ મતદાર યાદીમાંથી ૧.૦૮ કરોડ નામ દૂર કરાયા

**ચૂંટણી પંચની ચકાસણીમાં સ્થળાંતરિત, મૃત અને ડુપ્લિકેટ મતદારોની ઓળખ; પાત્ર મતદારોને નામ ઉમેરાવવા ફોર્મ-૬ ભરવાની તક**

(સંપૂર્ણ સમાચાર સેવા)
કર્ણાટક,તા.૨૭ : કર્ણાટકમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા બાદ અંતિમ મતદાર યાદીને લઈને મોટા આંકડા સામે આવ્યા છે. ઉપલબ્ધ અહેવાલ મુજબ, રાજ્યમાં આશરે ૧.૦૮ કરોડ મતદારોનાં નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યાં છે. આ સંખ્યા અગાઉ નોંધાયેલા કુલ મતદારોના આશરે ૧૯.૪૮ ટકા જેટલી હોવાનું જણાવાયું છે. બીજી તરફ, અંતિમ યાદીમાં આશરે ૪.૪૬ કરોડ પાત્ર મતદારોને સ્થાન મળ્યું છે.

ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી આ પ્રક્રિયામાં મતદારોની વિગતોનું ચકાસણી અભિયાન ચલાવવામાં આવ્યું હતું. એન્યુમરેશન ફોર્મ ન મળવા, મતદારોના સરનામાંની ચકાસણી અને અન્ય કારણોને ધ્યાનમાં રાખીને યાદીમાં સુધારા કરવામાં આવ્યા હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

ચાર શ્રેણીમાં કરવામાં આવી મતદારોની તપાસ:મતદાર યાદીને વધુ સચોટ બનાવવા માટે ASDD શ્રેણી હેઠળ ગેરહાજર, સ્થળાંતરિત, મૃત્યુ પામેલા અને ડુપ્લિકેટ મતદારોની ઓળખ કરવામાં આવી હતી.અહેવાલમાં આપવામાં આવેલા આંકડા મુજબઃ

૬૫,૪૫,૬૭૯ મતદારો: કાયમી ધોરણે અન્ય સ્થળે સ્થળાંતરિત થયેલા.

૧૯,૦૦,૯૨૬ મતદારો: નોંધાયેલા સરનામે ગેરહાજર મળી આવેલા.૧૬,૩૯,૮૬૪ મતદારો: મૃત્યુ પામેલા હોવાનું નોંધાયેલા.

૭,૦૯,૮૭૦ મતદારો: ડુપ્લિકેટ અથવા એકથી વધુ સ્થળે નોંધાયેલા. આ તપાસનો મુખ્ય હેતુ મતદાર યાદીમાં રહેલી ખોટી, જૂની અને પુનરાવર્તિત નોંધોને ઓળખવાનો હોવાનું જણાવાયું છે. જોકે, યાદીમાંથી નામ દૂર થવું અને કોઈ વ્યક્તિ મતદાન માટે કાયમી ધોરણે અયોગ્ય હોવું એ બંને અલગ બાબતો છે. અહેવાલ મુજબ, મતદારોની ચકાસણી દરમિયાન કુલ ૪૩,૮૨,૮૨૪ નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ સંબંધિત કેસોમાં સુનાવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ પ્રક્રિયા બાદ ૪૩,૨૦,૯૫૭ કેસોને અંતિમ યાદીમાં સામેલ કરવા માટે યોગ્ય ગણવામાં આવ્યા હતા. જ્યારે ૬૧,૮૬૭ મતદારોને અયોગ્ય ઠેરવવામાં આવ્યા હોવાનું જણાવાયું છે.આ આંકડા દર્શાવે છે કે મતદાર યાદીમાં નામ ઉમેરવા, જાળવી રાખવા અથવા દૂર કરવા માટે ચકાસણીની પ્રક્રિયા મહત્ત્વપૂર્ણ બની હતી. જોકે, આ આંકડાઓની સત્તાવાર પુષ્ટિ માટે ચૂંટણી પંચની અંતિમ જાહેરાત તપાસવી જરૂરી છે.અહેવાલમાં કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારી અંબુ કુમારના નિવેદનને ટાંકીને જણાવાયું છે કે ૧૬ જૂન, ૨૦૨૬ સુધીમાં મતદાર યાદીમાં આશરે ૫.૫૪ કરોડ મતદારો નોંધાયેલા હતા. તેમાંથી લગભગ ૧.૦૮ કરોડ નામો ડ્રાફ્ટ યાદીમાં સામેલ નહોતાં.

## બંગાળની ખાડીમાં વાવાઝોડું વધુ પ્રચંડ બન્યું



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૭ :બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાત અર્નબ વધુ તીવ્ર બનતાં આંધ્રપ્રદેશ સહિત આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ, પૂર અને વિનાશક પવનનું જોખમ ઊભું થયું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આ વાવાઝોડું ૨૮ ઓક્ટોબર, બુધવારે સવારે આંધ્રપ્રદેશના બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચેના દરિયાકાંઠે ત્રાટકી શકે છે. લેન્ડફોલ દરમિયાન પવનની સતત ઝડપ ૧૧૫થી ૧૨૫ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે, જ્યારે પવનના ઝાપટા ૧૪૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે.વાવાઝોડાની સંભવિત અસરને ધ્યાનમાં રાખીને રાજ્ય અને કેન્દ્ર સરકારના વહીવટી તંત્રએ તૈયારીઓ તેજ કરી છે. દરિયાકાંઠાના સંવેદનશીલ વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ભારે વરસાદ અને પૂરથી જનજીવન ખોરવાય તેવી આશંકા વચ્ચે આગામી ૩૬ કલાક અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે.

હવામાન સંબંધિત અહેવાલો અનુસાર, બંગાળની ખાડીમાં સર્જાયેલું હવામાનનું દબાણ ક્રમશઃ મજબૂત બનીને ચક્રવાતમાં ફેરવાયું છે. વાવાઝોડું દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું હોવાથી તેની દિશા, ઝડપ અને સંભવિત લેન્ડફોલ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

## જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવા રાહુલ ગાંધીની ચીમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૭:નવી દિલ્હીના ત્રિલોકપુરી ખાતે મંગળવારે યોજાયેલી 'વોટ અધિકાર, જીને કા અધિકાર' જન સુનાવણીમાં લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે આકરા આક્ષેપો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે દેશમાં મતદાર યાદીમાંથી ગરીબ અને સામાન્ય નાગરિકોનાં નામ હટાવવામાં આવી રહ્યાં છે, જેના કારણે તેમના મતાધિકાર પર અસર થઈ રહી છે. આ કાર્યક્રમમાં CPI (ML)ના નેતા દીપાંકર ભટ્ટાચાર્ય અને સ્વરાજ ઈન્ડિયાના યોગેન્દ્ર યાદવ સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જનસુનાવણી દરમિયાન મતદાર યાદીમાં કથિત અનિયમિતતાઓ અને મતાધિકાર સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે માત્ર ચાર મતદાન મથકોમાંથી જ ૪૧૬ મતદારોનાં નામ ગેરકાયદેસર રીતે દૂર કરવામાં આવ્યાં છે. તેમણે આક્ષેપ કર્યો કે આ પ્રકારની કાર્યવાહીથી ગરીબો અને સામાન્ય નાગરિકોના લોકશાહી અધિકારોને નુકસાન થઈ શકે છે.જોકે, ૪૧૬ નામો હટાવવાના દાવા અને તે ગેરકાયદેસર હોવાના આરોપોની સ્વતંત્ર પુષ્ટિ અહીં ઉપલબ્ધ માહિતીના આધારે થઈ શકતી નથી. આ અંગે ચૂંટણી પંચનો સત્તાવાર પ્રતિભાવ અને સંબંધિત મતદાર યાદીના દસ્તાવેજો મહત્ત્વપૂર્ણ રહેશે. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે મતદાર યાદી સંબંધિત મુદ્દે વિપક્ષ એકજૂટ છે. તેમના જણાવ્યા અનુસાર, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે અથવા વડાપ્રધાન તેમને પદ પરથી નહીં હટાવે ત્યાં સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રાખવામાં આવશે. ૩૦ ઑક્ટોબર અને ૧ નવેમ્બરે વિરોધ કાર્યક્રમ આંદોલનને આગળ વધારવા માટે કોંગ્રેસે આગામી કાર્યક્રમોની જાહેરાત કરી હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

૩૦ ઑક્ટોબર, ૨૦૨૬: મુખ્ય ચૂંટણી કમિશનર સામે પ્રતીકાત્મક મહાભિયોગ જેવી પ્રક્રિયાનું આયોજન. ૧ નવેમ્બર, ૨૦૨૬: દિલ્હીના રામલીલા મેદાનમાં 'દિલ્હી ચલો' માર્ચ અને જનસભાનું આયોજન. અહેવાલ મુજબ, રામલીલા મેદાનમાં રેલી માટેની મંજૂરી પાછી ખેંચવામાં આવી નથી. કોંગ્રેસે ૨૫ ઑક્ટોબરથી ૩ નવેમ્બર સુધી મેદાનના ઉપયોગ માટે પરવાનગી મેળવી હોવાનો પણ ઉલ્લેખ છે.

## સંયુક્ત રાષ્ટ્રમાં વીટો વિના કાયમી બેઠક નહીં! : ભારતની શરત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૭:વિશ્વના સૌથી મહત્ત્વના સુરક્ષા મંચ પર ભારતની ભૂમિકા વધારવાની ચર્ચા ફરી તેજ બની છે. જોકે, ભારત માટે આ લક્ષ્ય માત્ર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં કાયમી બેઠક મેળવવા પૂરતું નથી. નવી દિલ્હીની દલીલ છે કે કાયમી સભ્યપદ સાથે નિર્ણય લેવાની સત્તા પણ મળવી જોઈએ. વીટો પાવર વિના કાયમી સભ્ય બનાવવાની કોઈ વ્યવસ્થા ભારતને સ્વીકાર્ય નથી, કારણ કે તેનાથી નવા સભ્યોને વર્તમાન કાયમી સભ્યોની સરખામણીમાં ઓછા અધિકારો મળશે.સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ રાજદૂત હરીશ પર્વતાનેનીએ આ મુદ્દે ભારતનું વલણ રજૂ કરતાં જણાવ્યું હતું કે જો વીટો પાવર ચાલુ રાખવામાં આવે, તો સુધારેલી પરિષદના તમામ કાયમી સભ્યોને સમાન અધિકાર મળવા જોઈએ.હાલની વ્યવસ્થામાં અમેરિકા, રશિયા, ચીન, બ્રિટન અને ફ્રાન્સને વિશેષ સ્થાન મળેલું છે. આ પાંચ દેશો પાસે વીટો પાવર હોવાથી સુરક્ષા પરિષદના મહત્ત્વના બિન-પ્રક્રિયાત્મક ઠરાવને રોકવાની સત્તા ધરાવે છે. પરિણામે, અન્ય સભ્યોનો બહુમતીથી મળેલો ટેકો પણ કોઈ એક કાયમી સભ્યના નકારાત્મક મત સામે નિષ્ફળ થઈ શકે છે. ભારતનો વાંધો આ જ અસમાનતા સામે છે. જો નવા દેશોને કાયમી સભ્ય બનાવવામાં આવે, પરંતુ તેમને વીટોનો અધિકાર ન મળે, તો કાયમી સભ્યપદના નામે બે અલગ સ્તરની વ્યવસ્થા ઊભી થશે. આવી સ્થિતિમાં નવા સભ્યોનો દરજ્જો કાયમી હોવા છતાં તેમનો પ્રભાવ મર્યાદિત રહી શકે છે.

સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના બીજા વિશ્વયુદ્ધ પછી ૧૯૪૫માં થઈ હતી. ત્યારથી વિશ્વની વસ્તી, અર્થતંત્ર, રાજકીય શક્તિ અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં મોટા ફેરફારો થયા છે. ભારતનું માનવું છે કે સુરક્ષા પરિષદનું માળખું પણ આ બદલાયેલી પરિસ્થિતિને અનુરૂપ બનવું જોઈએ.

ભારતે ૧૯૬૫ના સુધારાનો દાખલો આપ્યો હતો. તે સમયે બિન-કાયમી સભ્યોની સંખ્યા છથી વધારીને દસ કરવામાં આવી, પરંતુ કાયમી સભ્યોની સંખ્યા પાંચ જ રહી. ભારતની દલીલ છે કે માત્ર બિન-કાયમી બેઠકો વધારવાથી સત્તાના મૂળ માળખામાં પરિવર્તન આવતું નથી.કાયમી સભ્યપદ માટેની લાંબા ગાળાની માગ સાથે ભારત ૨૦૨૮-૨૯ના કાર્યકાળ માટે અસ્થાયી સભ્યપદ મેળવવા પણ પ્રયત્નશીલ છે. ઉપલબ્ધ માહિતી અનુસાર, આ બેઠક માટેની ચૂંટણી જૂન ૨૦૨૭માં યોજાવાની છે અને એશિયા-પેસિફિક જૂથમાં ભારતની સામે તાજિકિસ્તાનની દાવેદારી છે.

આગળનો માર્ગ રાજદ્વારી વાટાઘાટો અને સભ્ય દેશો વચ્ચે સહમતી પર આધારિત રહેશે. ભારત માટે મુખ્ય પડકાર માત્ર સુરક્ષા પરિષદમાં પ્રવેશ મેળવવાનો નથી, પરંતુ વૈશ્વિક નિર્ણયો ઘડવામાં અસરકારક અને સમાન સત્તા ધરાવતું સ્થાન સુનિશ્ચિત કરવાનો છે.

## ગર્ભવતી મહિલા પત્રકારને ધક્કો મારવાના આરોપમાં રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટની નોટિસ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૭ : ત્રણ મહિનાની ગર્ભવતી મહિલા પત્રકારને કથિત રીતે ધક્કો મારવાના મામલે સુપ્રીમ કોર્ટે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્ય સંબંધિત પક્ષોને નોટિસ પાઠવી છે. આ મુદ્દો વરિષ્ઠ વકીલ અને ભાજપના નેતા ગૌરવ ભાટિયાએ કોર્ટ સમક્ષ ઉઠાવ્યો હતો. સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે સ્પષ્ટતા કરી હતી કે અરજી પર અગાઉથી જ નોટિસ જારી કરવામાં આવી છે. સાથે જ, આ અરજીને મુખ્ય કેસ સાથે જોડવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. હવે આ મામલે આગામી સુનાવણી ૩ નવેમ્બરે થવાની છે.કોર્ટની કાર્યવાહી



દરમિયાન ગૌરવ ભાટિયાએ મહિલા પત્રકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ મામલો ગંભીર છે અને અરજી હજુ સુધી સુનાવણી માટે સૂચિબદ્ધ થઈ નથી.તેના જવાબમાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે કોર્ટ આ અરજી પર પહેલેથી જ નોટિસ જારી કરી ચૂકી છે. આ સાથે અરજીને સંબંધિત મુખ્ય કેસ સાથે જોડવાની સૂચના આપવામાં આવી હતી, જેથી બંને મામલાઓની કાર્યવાહી સંકલિત રીતે આગળ વધી શકે.આ સમગ્ર વિવાદ ૧૨ ઓક્ટોબરે સુપ્રીમ કોર્ટ પરિસરમાં બનેલી ઘટનાને લગતો છે. તે દિવસે રાહુલ ગાંધી ભારત ગઠબંધન વતી રિટ પિટિશન દાખલ કરવા માટે સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. આ દરમિયાન કોર્ટ પરિસરમાં બનેલી ઘટનાઓના સંદર્ભમાં એક મહિલા પત્રકારે કોર્ટનો સંપર્ક કર્યો હતો.

## કાચા તેલના ભાવમાં ઘટાડો પરંતુ જોખમ યથાવત્

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૭ : વૈશ્વિક બજારમાં કાચા તેલના ભાવમાં ઘટાડો નોંધાયો છે, પરંતુ પશ્ચિમ એશિયામાં ચાલુ સંઘર્ષને કારણે ઊર્જા પુરવઠા અંગેની અનિશ્ચિતતા હજુ દૂર થઈ નથી. અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઘટાડવા માટે ચાલી રહેલા રાજદ્વારી પ્રયાસોએ બજારને થોડી રાહત આપી છે. જોકે, સાઉદી અરેબિયા પર હુમલાઓ અને મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાં વેપારી જહાજોની સુરક્ષાને લઈને વધતી ચિંતાઓને કારણે તેલના ભાવ ઊંચા સ્તરે જળવાઈ રહ્યા છે.૨૬ ઑક્ટોબરના વેપારમાં આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડના વાયદા પ્રતિ બેરલ ૧૧૫.૮૧ ડૉલરે બંધ થયા હતા, જે અગાઉના બંધ ભાવ કરતાં ૦.૮ ટકા ઓછા હતા. અમેરિકાના વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) ક્રૂડના ભાવમાં ૧.૪૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો અને તે પ્રતિ બેરલ ૧૦૧.૭૬ ડૉલરે બંધ થયું હતું. જોકે, બંને બેન્ચમાર્ક અગાઉના સપ્તાહમાં નોંધપાત્ર વધારા બાદ ઘટ્યા હતા. ૨૭ ઑક્ટોબરના પ્રારંભિક વેપારમાં પણ ઘટાડાનું વલણ જોવા મળ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષને ઘટાડવા માટે રાજદ્વારી પ્રયાસો તેજ બનતાં તેલના વેપારીઓમાં આશાવાદ જોવા મળ્યો છે. કતારના મધ્યસ્થીઓએ તણાવ ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે તેહરાનની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત સાઉદી અરેબિયા, તુર્કી અને પાકિસ્તાનના અધિકારીઓએ પણ ઈરાન સાથે ચર્ચા કરી હતી.

આ બેઠકોમાં પ્રાદેશિક શાંતિ અને સુરક્ષા અંગે સંવાદ ચાલુ રાખવા સંમતિ સધાઈ હોવાના અહેવાલો છે.

## દમણગંગા ટાઈમ્સ CORPORATE NEWS

## આઈસીઆઈસીઆઈ બેંકે સેલવાસમાં બ્રાન્ચનું ઉદઘાટન કર્યું

**વાપી, તા. ૨૭ :** આઈસીઆઈસીઆઈ બેંકે સેલવાસમાં નરોલી ખાતે બ્રાન્ચનો પ્રારંભ કર્યો છે. આ બ્રાન્ચ સેલવાસમાં બેંકની પાંચમી બ્રાન્ચ છે, જે એટીએમ-કમ-કેશ રિસાઈકલિંગ મશીન (સીઆરએમ)થી સજ્જ છે.

આ બ્રાન્ચ સેવિંગ્સ અને કરન્ટ એકાઉન્ટ્સ, ફિક્સ્ડ અને રિકરિંગ ડિપોઝિટ્સ, કિસાન ક્રેડિટ કાર્ડ, ગોલ્ડ લોન, પર્સનલ લોન, હોમ લોન, ઓટો લોન, લોન અગેઈન્ટ્સ પ્રોપર્ટી, એજ્યુકેશન લોન વગેરે જેવી લોન, ફોરેક્સ સર્વિસિસ તથા કાર્ડ સર્વિસિસ સહિત એકાઉન્ટ્સ અને ડિપોઝિટ્સની વિશાળ શ્રેણી ઓફર કરે છે. બ્રાન્ચમાં લોકર રૂમ સુવિધા પણ છે. આ બ્રાન્ચ સોમવારથી શુક્રવાર સવારે ૯.૩૦થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી તેમજ મહિનાના પ્રથમ, ત્રીજા અને પાંચમાં શનિવારે કાર્યરત રહે છે.

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં આઈસીઆઈસીઆઈ બેંકની ૮ બ્રાન્ચ તથા ૧૫થી વધુ એટીએમ અ સીઆરએમ છે. આઈસીઆઈસીઆઈ બેંક તેના વિશાળ ગ્રાહક આધારને બ્રાન્ચ, એટીએમ,કોલ સેન્ટર,ઈન્ટરનેટ બેંકિંગ (www.icici.bank.in) અને મોબાઈલ બેંકિંગના મલ્ટી-ચેનલ ડિલિવરી નેટવર્ક દ્વારા સેવા આપે છે.

## અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશીની તોફાની બેટિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,તા.૨૭:ભારતીય ક્રિકેટ ટીમે ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનમાં રમાયેલી ત્રીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં આક્રમક બેટિંગનું શાનદાર પ્રદર્શન કરીને અનેક રેકોર્ડ પોતાના નામે કર્યા છે. યુવા ઓપનર અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશીની તોફાની શરૂઆતના જોરે ભારતે માત્ર પાંચ ઓવરમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા. T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ટીમ દ્વારા સૌથી ઝડપથી ૧૦૦ રન પૂરા કરવાના રેકોર્ડમાં આ પ્રદર્શન પ્રથમ સ્થાને નોંધાયું છે.

અભિષેક શર્માએ માત્ર ૩૮ બોલમાં ૧૧૩ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. તેની ઈનિંગમાં ૯ ચોગ્ગા અને ૧૧ છગ્ગાનો સમાવેશ થયો હતો. તેણે માત્ર ૩૫ બોલમાં પોતાની સદી પૂરી કરીને ન્યૂઝીલેન્ડના બોલરો પર દબાણ ઊભું કર્યું હતું. બીજી તરફ, ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીએ પણ ૧૯ બોલમાં ૪૫ રન ફટકારીને ભારતીય ટીમની ઝડપી શરૂઆતમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

## ૨.૧૨ લાખ કરોડના સૈન્ય ખરીદી પ્રસ્તાવોને DACની મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૭
સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના અધ્યક્ષપદે સોમવારે મળેલી 'ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ' (DAC)ની બેઠકમાં ત્રણેય સૈન્ય દળો માટે અંદાજે 2.12 લાખ કરોડના મૂડી સંપાદન પ્રસ્તાવોને 'એક્સેપ્ટન્સ ઓફ નેસેસિટી' (AoN) એટલે કે આવશ્યકતા સ્વીકૃતિ મંજૂરી આપવામાં આવી છે. આ કુલ ખરીદીમાંથી લગભગ 82% સાધનસામગ્રી સ્થાનિક ઉદ્યોગો પાસેથી મેળવવામાં આવશે.સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મંજૂરીઓમાં આર્મી, નેવી અને એરફોર્સની ઓપરેશનલ ક્ષમતાઓ, ગતિશીલતા અને યુદ્ધ સજ્જતાને મજબૂત કરવાના હેતુથી લશ્કરી પ્લેટફોર્મ્સ, શસ્ત્રો તેમજ સર્વેલન્સ સિસ્ટમ્સની વિશાળ શ્રેણી આવરી લેવામાં આવી છે. ડીએસી દ્વારા સેના માટે હાઈ મોબિલિટી વ્હીકલ્સ , સેલ્ફ-પ્રોપેલ્ડ ટ્રેક્ડ ગન સિસ્ટમ્સ, ગન શોટ રિસ્પોન્સ સિસ્ટમ્સ (GSRS), લાઈટ મલ્ટી-રોલ હેલિકોપ્ટર્સ (LMRH), વેરી શોર્ટ-રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ્સ , પ્લેટફોર્મ-આધારિત કાઉન્ટર-અનમેન્ડ એરિયલ સિસ્ટમ્સ (C-UAS), લોંગ-રેન્જ માનવરહિત એરિયલ સિસ્ટમ્સ, સર્વેલન્સ યુએવી (UAVs), ઈન્ટિગ્રેટેડ સર્વેલન્સ એન્ડ સ્ટ્રાઈક સિસ્ટમ્સ તેમજ લોંગ રેન્જ કામિકાઝી ડ્રોન સિસ્ટમ્સની ખરીદીના પ્રસ્તાવોને મંજૂરી અપાઈ છે.આ હાઈ મોબિલિટી વ્હીકલ્સ દુર્ગમ વિસ્તારોમાં લોજિસ્ટિક્સ અને સૈનિકોની અવરજવરને ઝડપી બનાવશે, જ્યારે સેલ્ફ-પ્રોપેલ્ડ ટ્રેક્ડ ગન સિસ્ટમ્સ સૈન્યને યુદ્ધભૂમિમાં સમાન ગતિશીલતા અને અગ્નિશક્તિ (ફાયરપાવર) આપશે. GSRS રિયલ-ટાઈમ પરિસ્થિતિજન્ય જાગરૂકતા પૂરી પાડીને સેનાની તાકાતમાં વધારો કરશે. આ ઉપરાંત, LMRH હેલિકોપ્ટર્સનો ઉપયોગ આર્મી અને વાયુસેના દ્વારા ગુપ્ત માહિતી એકત્ર કરવા, સર્વેલન્સ, લડાયક કામગીરી, શોધ અને બચાવ (Search and Rescue) તેમજ આપત્તિ રાહત મિશન માટે કરવામાં આવશે. VSHORADS સિસ્ટમ્સ હવાઈ જોખમો સામે લડવાની સેનાની ક્ષમતા વધારશે, જ્યારે પ્લેટફોર્મ-આધારિત C-UAS આધુનિક યુદ્ધભૂમિ પર ટેન્કોની સુરક્ષા વધુ મજબૂત કરશે.

## રાજ્યમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમોના અમલીકરણ માટે સરકાર કટિબદ્ધ : શ્રી એમ. થેન્નારસન

(દમણગંગા ટાઈમ્સ)
**વાપી તા. ૨૭ :** ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ એમ. થેન્નારસને સમગ્ર ગુજરાતમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬ ના અસરકારક અમલીકરણ માટે રાજ્ય સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે ગાંધીનગર ખાતે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો ના સહયોગથી ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આયોજિત એક વિશેષ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સંબોધન કર્યું હતું.તેમણે જણાવ્યું હતું કે, સ્વચ્છતા એ માત્ર સરકારી યોજના નથી; તે આપણી જીવન શૈલી છે. અમને આશા છે કે, મીડિયાના સહયોગથી આ અભિયાન પ્રત્યેક નાગરિક સુધી પહોંચે અને દરેક વ્યક્તિ સ્વચ્છતાને પોતાની જવાબદારી સમજીને સરકારની આ પહેલમાં પોતાનું યોગદાન આપે. તેમણે નોંધ્યું હતું કે માનનીય પ્રધાનમંત્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આરોગ્ય અને સ્વચ્છતા પર વિશેષ ભાર મૂક્યો છે અને આ પ્રયાસોને ટેકો આપવા માટે નોંધપાત્ર બજેટ ફાળવણી કરવામાં આવી છે. વધુમાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં સ્વચ્છતા અને કચરાના વૈજ્ઞાનિક નિકાલને સુનિશ્ચિત કરવા માટે વ્યાપક આયોજન




હાથ ધરવામાં આવ્યું છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, ગુજરાત સરકારના સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાતના સંકલ્પને સાકાર કરવા માટે ૧ એપ્રિલ, ૨૦૨૬થી અમલમાં આવેલા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં રેમ્યા મોહન, સચિવ (આવાસ અને શહેરી વિકાસ); સિદ્ધાર્થ બોડકે, ADG, PIB ગુજરાત; અને સુશ્રી પુષ્પ લતા, સ્વચ્છ ભારત મિશન-અર્બનના મિશન ડાયરેક્ટર પણ ઉપસ્થિત રહ્યા હતા. રેમ્યા મોહને જણાવ્યું હતું કે સ્વચ્છતા મિશન એ એક સતત ચાલતી પ્રક્રિયા છે.

તેમણે વધુમાં સમજાવ્યું કે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬ આગામી કામગીરી નક્કી કરવા અને સ્વચ્છ ભારતના સંકલ્પને સાકાર કરવા માટે રોડમેપ તૈયાર કરવાનું માળખું પૂરું પાડે છે.

સ્વચ્છ ભારત મિશન-અર્બનના મિશન ડાયરેક્ટર સુશ્રી પુષ્પ લતાએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬ હેઠળની મુખ્ય જોગવાઈઓ અને નવી માર્ગદર્શિકાઓ અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

તેમણે કચરાના પૃથક્કરણની ચાર શ્રેણીઓ રેખાંકિત કરી હતી ભીનો કચરો, સૂકો કચરો, સેનિટરી વેસ્ટ અને ખાસ સંભાળની જરૂરિયાતવાળો કચરો, જેમાં બાયોમેડિકલ અને જોખમી કચરાનો સમાવેશ થાય છે. તેમણે કચરાના સંગ્રહ, વ્યવસ્થાપન અને વૈજ્ઞાનિક નિકાલ માટેની નિર્ધારિત પ્રક્રિયાઓ અંગે પણ માહિતી આપી હતી.

તેમણે વધુમાં સમજાવ્યું હતું કે ૨૦,૦૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તાર ધરાવતી, દૈનિક ચોક્કસ માત્રામાં પાણીનો વપરાશ કરતી અથવા દૈનિક ૧૦૦ કિલોગ્રામથી વધુ કચરો ઉત્પન્ન કરતી સંસ્થાઓ, કોમ્પ્લેક્સ, રહેણાંક સોસાયટીઓ અને હોટલોએ પોતાના સ્તરે જ ભીના કચરાનું પ્રોસેસિંગ અથવા ખાતર બનાવવાની કામગીરી કરવાની રહેશે.

તેમણે ઉમેર્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓને આ અભિયાન માટે Lead Facilitators તરીકે કામ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ સ્વચ્છતા કર્મચારીઓ, કચરો એકત્રિત કરતા વાહનોના કર્મચારીઓ અને સામાન્ય જનતા વચ્ચે એક મહત્વપૂર્ણ સેતુ તરીકે કામ કરશે, જેનો હેતુ સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો અને સક્રિય સમુદાય ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો છે.

સ્વચ્છ ગુજરાતને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા વિવિધ પગલાં અને પહેલોની વિગતો આપતાં તેમણે નોંધ્યું હતું કે સમગ્ર રાજ્યમાં કચરો એકત્રિત કરવાની કામગીરી અને કલેક્શન વાહનોના રૂટનું સ્વચ્છતા સમીક્ષા કેન્દ્ર પોર્ટલ દ્વારા ડિજિટલી મોનિટરિંગ કરવામાં આવે છે.

વધુમાં, સમગ્ર રાજ્યમાં કચરો એકત્રિત કરવાની કામગીરી અને વાહનોના રૂટના મોનિટરિંગને સુધારવા માટે પોઈન્ટ્સ ઓફ ઈન્ટરેસ્ટ (POIs) ના નેટવર્કનો વિસ્તાર કરીને ડિજિટલ મોનિટરિંગ સિસ્ટમને વધુ મજબૂત બનાવવામાં આવી છે.

# અન્ય સમાચારો

## વાપીનાં વ્રજ બંગલાની લાખોની ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો

### વલસાડ એલસીબીએ દાદરથી રૂા.૧૮.૨૮ લાખનો મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો : આરોપી ૬૯ ગુનામાં સામેલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી GIDC વિસ્તારમાં આવેલ વ્રજ બંગલો સોસાયટીમાં રાત્રિના સમયે બારીની ગ્રીલ તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી લાખોના મુદ્દામાલની ચોરીની ચકચારી ઘટનામાં એલસીબી એ આરોપીને મુંબઈના દાદરથી ઝડપી લઈ ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાંખ્યો છે.




ગત તા.૨૪/૧૦/૨૦૨૬ ના રોજ મોજે બંગલો નં.૨૪, વજ સી.ઓ.ઓ. સોસાયટી, વજ હાઉસ, છરવાડા રોડ, જી.આઈ.ડી.સી. ખાતે રાત્રી દરમિયાન કોઈ અજાણ્યા ચોરે ફરિયાદીના મકાનના પહેલા માળે બેડરૂમમાં આવેલ બારીની લોખંડની ગ્રીલ તથા લાકડાની બારી કોઈ સાધન વડે તોડી અંદર પ્રવેશી કબાટમાં રાખેલ અલગ અલગ સોનાના દાગીના જેનું વજન ૧૪૨.૫૧ ગ્રામ, ચાંદી ૬૦૦ ગ્રામ અને રોકડ રૂ.૨,૦૦,૦૦૦ મળી કુલ્લે રૂ.૩૨,૫૪,૮૨૭ની ચોરી કરી હતી. આ અંગે વાપી GIDC પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

વલસાડ એસપી યુવરાજસિંહ જાડેજાની સૂચના અને ડીવાયએસપી બી. એન. દવે તેમજ એ.યુ. રોજ એલસીબી પીઆઈ વલસાડના માર્ગદર્શન હેઠળ LCBની અલગ અલગ ટીમો બનાવી ગુનાવાળી જગ્યાથી લઈ મહારાષ્ટ્રના મુંબઈ સુધીના ૨૦૦થી વધુ સીસીટીવી ફૂટેજ ચેક કરી ટેકનીકલ એનાલીસિસથી તપાસ હાથ ધરાઈ હતી.

દરમિયાન એલસીબી વલસાડને બાતમી મળતા આરોપી આતીશ ઉર્ફે ડાન્સર (ઉ.૩૬) રહે. કુર્લાપાડા, વિરાર ઈસ્ટ, મુંબઈ મહારાષ્ટ્રને દાદર મહારાષ્ટ્ર ખાતેથી ઝડપી પાડી પૂછપરછ કરતા તેણે ૬ દિવસ પહેલા વિરારથી ટ્રેન મારફતે વાપી આવી પતરા રોડ ઉપરથી ઉપરના માળે આવેલ બારીની ગ્રીલ હેક્સોપ્લેટ વડે કાપી ચોરી કર્યાની કબૂલાત કરી હતી. તેની પાસેથી સોનાના હાર, પાટલા, ગળાનો હાર, ચેન, કાનની બુટ્ટી સહિત કુલ રૂા.૧૮,૨૮,૭૯૦નો મુદ્દામાલ કબજે કરી વાપી GIDC પોલીસને સોંપાયો છે. આ આરોપી સામે ઉમરગામમાં એક તેમજ મહારાષ્ટ્રમાં ૬૯ ગુના નોંધાયેલા છે.

## વલસાડ સ્ટેશનેથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૭ :** વલસાડ રેલવે સ્ટેશનની ઉત્તર દિશામાં આવેલા પ્લેટફોર્મ નંબર ૨/૩ પર, શેડના થાંભલા નંબર ૨૫ પાસે તારીખ ૨૭/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૦૭:૨૦ વાગ્યા પહેલાં આશરે ૩૦થી ૩૫ વર્ષની વયના એક અજાણ્યા પુરુષનું બીમારીના કારણે કુદરતી મોત નીપજ્યું છે, જે અંગે વલસાડ રેલવે પોલીસે અકસ્માત મોત નંબર ૮૮/૨૬ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. શરીરે પાતળા બાંધાના, શ્યામ વર્ણ અને ૫ ફૂટ ૫ ઈંચ ઊંચાઈ ધરાવતા આ મૃતકે સફેદ-કેસરી રંગની ટી-શર્ટ (જેના પર આમદાર મનીષાતાઈ ચૌધરી દહિસર વિધાનસભા લખેલું છે) તથા ભૂરા રંગનો હાફ ચડ્ડો પહેરેલો છે, જેથી તેના કોઈ વાલીવારસ મળી આવ્યા નથી. આ યુવકની કોઈ પણ ઓળખ મળે તો વલસાડ રેલવે પોલીસ સ્ટેશનના એએસઆઈ મહેશકુમાર બાંગેશભાઈનો તાત્કાલિક સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

## ખેરગામમાં ઊંચા કન્ટેનરે વીજ થાંભલો તોડ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૨૭ :** ખેરગામ મ. ગાંધી વર્તુળ પાસે ઝંડા ચોક જતા નીચલા રસ્તે વધુ ઊંચું કન્ટેનરે માલ ખાલી કરી પરત દશેરા ટેકરી જતાં લટકતા કેબલ અડફટે ચઢતા ઝવેરભાઈના ઘર પાસેનો વીજ સ્તંભ સિમેન્ટનો તૂટી જતા હલચલ મચી ગઈ હતી.

વીજ કચેરીને જાણ થતાં વીજ પુરવઠો તાત્કાલિક બંધ કરી ત્રણ કલાકની સઘન કામગીરી કરી નવો સ્તંભ ઉભો કરી વાયરીંગ કરીને સાંજે સાતની આસપાસ વીજ પ્રવાહ ફરી કાર્યરત કર્યો હતો. નાયબ ઈજનેર એમ ડી પટેલે તાત્કાલિક સારી કામગીરી કરી અને કન્ટેનરની માહિતી મેળવી જરૂરી કાર્યવાહી કરી છે.




## પારડી શ્રી વલ્લભ આશ્રમમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી કરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૭ :** શ્રીવલ્લભ આશ્રમ સંચાલિત "VAÓS MGM AMIN & V N SAVANI SCHOOL" અને "SVSDS SMT SHOBHABEN PRATAPBHAI PATEL DAY BOARDING SCHOOL" દ્વારા નવરાત્રીના પાવન અવસર નિમિત્તો ભક્તિમય ગરબાના કાર્યક્રમનું ભવ્ય આયોજન તા.૨૪/૧૦/૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરે સમાજ, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા સમગ્ર વિશ્વના માનવજાતની સુખાકારી, સમૃદ્ધિ, શાંતિ અને કલ્યાણની મંગલકામના માટે શ્રીવલ્લભ આશ્રમ કેમ્પસના મેદાનમાં સાંજે ૭:૦૦ કલાકે ૧૧૦૦ દીવાઓ પ્રગટાવી ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી. તમામ દીવાઓના દિવ્ય પ્રકાશ અને માતાજીની આરાધનાથી કાર્યક્રમને વિશેષ આધ્યાત્મિક મહત્વ પ્રાપ્ત થયું હતું આ ગરબાનો કાર્યક્રમ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ માણ્યો હતો. આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો અને વલસાડ જીલ્લાના નામાંકિત મહાનુભાવોએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. અંતે શ્રીવલ્લભ આશ્રમના યુવા ટ્રસ્ટી કુશ સાકરીયાએ સંસ્થાના સ્થાપક હરીપ્રસાદ દાસજી શાબ્દિક વંદન અર્પણ કાર્ય અને કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના અન્ય ટ્રસ્ટીઓ, આચાર્યો, વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકગણ ઉપરાંત સહયોગ આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી સૌનું અભિવાદન કર્યું હતું.

## વલસાડ-બીલીમોરા ટ્રેનમાંથી મોબાઈલની ચોરી

**વાપી, તા.૨૭ :** વલસાડ રેલવે સ્ટેશનથી બીલીમોરા આવતી ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસમાં એક મુસાફરના શર્ટના ખિસ્સામાંથી iPhone ૧૩ Pro Max મોબાઈલની ચોરી થઈ છે. આ અંગે વલસાડમાં રહેતા શૈલેષચંદ્ર મગનભાઈ પટેલે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી શૈલેષચંદ્ર પટેલ (ઉ.વ. ૫૬) ન્યુ સિવિલ હોસ્પિટલ રોડ, નાનકવાડા, વલસાડમાં રહે છે અને વાપીમાં ખાનગી નોકરી કરે છે. તેમણે જણાવ્યું કે આજ રોજ તા. ૨૭/૧૦/૨૦૨૬ના સવારે ૮:૦૦ વાગ્યે તેઓ વલસાડ રેલવે સ્ટેશનથી ટ્રેન નંબર ૨૨૯૪૩ ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસની જનરલ ટિકિટ લઈ છેલ્લા જનરલ ડબ્બામાં બેસી બીલીમોરા જવા નીકળ્યા હતા. મોબાઈલ શર્ટના ખિસ્સામાં રાખેલો હતો. સવારે ૮:૩૦ વાગ્યે બીલીમોરા સ્ટેશને ઉતરતી વખતે ખિસ્સામાં મોબાઈલ મળી આવ્યો નહીં. આજુબાજુ શોધવા છતાં મળ્યો નહીં.

## દાનહમાં કોંગ્રેસની વોટ બચાવો દેશ બચાવોની રેલી યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૭ :** દાદરા અને નગર હવેલીના ઉમરકોઈ પંચાયત વિસ્તારમાં કોંગ્રેસ દ્વારા 'વોટ બચાવો-દેશ બચાવો' અભિયાન અંતર્ગત રેલી યોજીને મતદારોના અધિકારો, SIR પ્રક્રિયા અને મતદાર યાદીમાં પારદર્શિતાની માગ ઉઠાવવામાં આવી હતી.

રેલીમાં AICCના નિરીક્ષક અને મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ હરીશ ભૈયા પવાર ઉપસ્થિત રહ્યા હતાં. તેમના નેતૃત્વમાં કોંગ્રેસના કાર્યકરોએ 'વોટ બચાવો - દેશ બચાવો' અને 'વોટ ચોરી બંધ કરો' સહિતના સૂત્રોચ્ચાર કર્યા હતા. પવારે કાર્યકરોને ગામેગામ અને બૂથ સ્તરે જઈ મતદારોને જાગૃત કરવા તથા મતદાર યાદી સંબંધિત સમસ્યાઓ સામે લાવવા અપીલ કરી હતી. દેશ કોંગ્રેસ પ્રમુખ પ્રભુ ટોકિયાના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં કોંગ્રેસના હોદ્દેદારો, વિવિધ મોરચાના પ્રમુખો, બ્લોક-૧ના કાર્યકરો અને સ્થાનિક કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતાં. કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું કે, મતદાનનો અધિકાર દરેક નાગરિકનો બંધારણીય અધિકાર છે. મતદાર યાદીમાં પારદર્શિતા, નિષ્પક્ષ ચૂંટણી અને મતાધિકારની સુરક્ષા માટે કોંગ્રેસ દ્વારા અભિયાન ચાલુ રાખવામાં આવશે.

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM : **GANESH TANDEL** TO NEW NAME : **GANESH MAGAN TANDEL** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
**SD : GANESH MAGAN TANDEL**
ADRESS. : MACHHIWAD, MAROLI, VALSAD, PIN: 396130, GUJARAT, INDIA

### હરાજી અંગેની જાહેર નોટિશ

ગ્રામ પંચાયત વણગામ તા.ગણદેવી જી. નવસારીના હદ વિસ્તારમાં આવેલા બિન ફળાઉ નડતરરૂપ જંગલી કાંટાવાળા ઝાડો જાહેર હરાજીથી કાપવા મે.મામલતદાર શ્રી ગણદેવીના હુકમ નં.એમએજી / ઝા.કા.પ./રજી નં-૨ વશી ૩૯૨થી ૩૯૫/૨૦૨૬ તા.૦૮.૦૬.૨૬થી અજમાયશી કિંમત નક્કી કરવામાં આવેલ. દેશી ઝાડ (બાવળ)ની સંખ્યા-૧૩ (૬ ઊભા બાવળ તથા ૭ પડી ગયેલા), ગાંડા બાવળ ૧, બંગાળી બાવળ ૨, સીસું ૩ , ખીજડો ૧, ગુંદી ૧, સામર ૩, સાદડ ૧, નીલગીરી ૧ અને આંબલી ૪ અપસેટ કિંમત રૂા. ૫૫૩૯૯/- ઉપરોક્ત બાબતે ગ્રામ પંચાયત વણગામ તા.ગણદેવી જી.નવસારીની સામાન્ય સભા તા. ૧૧/૦૯/૨૦૨૬ના ઠરાવ નં. ૦૬થી હરાજી બાબતે ઠરાવ કરવામાં આવેલ છે. આ જાહેર હરાજીમાં રસ ધરાવતાઓએ તારીખ ૩૦/૧૦/૨૬ના વાર શુક્રવારના રોજ બપોર ૦૩:૦૦ કલાકે ગ્રામ પંચાયત વણગામ તા.ગણદેવી જી. નવસારી ખાતે ઉપસ્થિત રહેવું. હરાજી નક્કી કરાયેલી અપસેટ કિંમતથી શરૂ કરાશે.

**સ્થળ : વણગામ**
**તા. ૨૩/૦૧/૨૦૨૩**

**સરપંચશ્રી**
**ગ્રામ પંચાયત વણગામ**
**તા.ગણદેવી જી.નવસારી**

**તલાટી કમ મંત્રીશ્રી**
**ગ્રામ પંચાયત વણગામ**
**તા.ગણદેવી જી.નવસારી**

### CHANGE OF NAME

OLD NAME - AADYA ALIAS TANISHKA NEW NAME-TANISHKA CCHINTAMANI HATOLE
OLD NAME-HATOLE TEJASWEENI BABURAO NEW NAME-TEJASWEENI NAVANATH BARDE
OLD NAME-HATOLE BABURAO PANDURANG NEW NAME-CCHINTAMANI PANDURRANG HATOLE
ADD-A03, GROUND FLOOR A-WING SONAL AVENUE, NAROLI ROAD, SILVASSA, DADRA AND NAGAR HAVELI-396230

### નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂ જૂનું નામ **ગણેશ ટંડેલ** હતું જે બદલીને મારૂ નવું નામ **ગણેશ મગન ટંડેલ** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી
લિ. **ગણેશ મગન ટંડેલ**
સરનામું : માછીવાડ, મરોલી, વલસાડ, પીન ૩૯૬૧૩૦, ગુજરાત, ભારત

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM HARSHA TALEKAR/ HARSHABEN SANTOSHBHAI TALEKAR TO NEW NAME HARSHA SANTOSH TALEKAR

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM SANTOSH TALEKAR/ SANTOSH BHAI TO NEW NAME SANTOSH MADHUSUDHAN TALEKAR AS PER DOCUMENTS

### એજીસ લોજિસ્ટિક્સ લિમિટેડ

AEGIS

**રજી. ઓફિસઃ** ૫૦૨, સ્કાયલોન, જી.આઈ.ડી.સી., ચાર રસ્તા, વાપી- ૩૯૬ ૧૯૫, જી.વલસાડ, ગુજરાત
**કોર્પો. ઓફિસઃ** ૧૨૦૨, બી ટાવર, પેનીન્સુલા બિઝનેસ પાર્ક, જી.કે.માર્ગ, લોઅર પરેલ(ઈ), મુંબઈ : ૪૦૦૦૧૩,
**ટેલી.:** + ૯૧ ૨૨ ૬૬૬૬ ૩૬૬૬, **ફેક્સ :** +૯૧ ૨૨ ૬૬૬૬ ૩૭૭૭
ઈ-મેઈલ : aegis@aegisindia.com, વેબસાઈટ : www.aegisindia.com, **CIN : L63090GJ1956PLC001032**

**૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને છ મહિનાના અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો**

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને છ મહિના માટે કંપનીના કાયદેસર ઓડિટર્સના મર્યાદિત સમીક્ષા અહેવાલો સાથે એજિસ લોજિસ્ટિક્સ લિમિટેડ (''કંપની'') ના અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોની સમીક્ષા ઓડિટ સમિતિ દ્વારા કરવામાં આવી છે અને ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની બેઠકોમાં કંપનીના ડિરેક્ટર બોર્ડ દ્વારા સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૩૩ ના સંદર્ભમાં મંજૂર કરવામાં આવ્યા છે. ઉપરોક્ત નાણાકીય પરિણામો અને તેના પર કાયદેસર ઓડિટર્સના મર્યાદિત સમીક્ષા અહેવાલો સ્ટોક એક્સચેન્જ અને કંપનીની વેબસાઈટ (www.bseindia.com, www.nseindia.com અને www.aegisindia.com) પર ઉપલબ્ધ છે. નીચે આપેલા QR કોડને સ્કેન કરીને પણ આ પરિણામો જોઈ શકાશે

**સ્થળ : મુંબઈ**
**તારીખ : ૨૬.૧૦.૨૦૨૬**

**એજીસ લોજિસ્ટિક્સ લિમિટેડ**
**સહી/-**
**સ્નેહા પરબ**
**કંપની સચિવ**

### એજીસ વોપાક ટર્મિનલ્સ લિમિટેડ

AEGIS VOPAK

**રજી. ઓફિસઃ** ૫૦૨, સ્કાયલોન, જી.આઈ.ડી.સી., ચાર રસ્તા, વાપી- ૩૯૬ ૧૯૫, જી.વલસાડ, ગુજરાત
**કોર્પો. ઓફિસઃ** ૧૨૦૨, બી ટાવર, પેનીન્સુલા બિઝનેસ પાર્ક, જી.કે.માર્ગ, લોઅર પરેલ(ઈ), મુંબઈ : ૪૦૦૦૧૩,
**ટેલી.:** + ૯૧ ૨૨ ૬૬૬૬ ૩૬૬૬, **ફેક્સ :** +૯૧ ૨૨ ૬૬૬૬ ૩૭૭૭
ઈ-મેઈલ : aegis@aegisindia.com, વેબસાઈટ : www.aegisvopak.com, **CIN : L63030GJ2013PLC075304**

**૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને છ મહિના માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો**

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને છ મહિના માટે કંપનીના કાયદેસર ઓડિટર્સના મર્યાદિત સમીક્ષા અહેવાલો સાથે એજિસ વોપાક ટર્મિનલ્સ લિમિટેડ (''કંપની'') ના અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોની સમીક્ષા ઓડિટ સમિતિ દ્વારા કરવામાં આવી છે અને ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની બેઠકોમાં કંપનીના ડિરેક્ટર બોર્ડ દ્વારા સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૩૩ અને ૫૨ના સંદર્ભમાં મંજૂર કરવામાં આવ્યા છે. ઉપરોક્ત નાણાકીય પરિણામો અને તેના પરના કાયદેસર ઓડિટર્સના મર્યાદિત સમીક્ષા અહેવાલો સ્ટોક એક્સચેન્જ અને કંપનીની વેબસાઈટ (www.bseindia.com, www.nseindia.com અથવા www.aegisvopak.com) પર ઉપલબ્ધ છે. નીચે આપેલા QR કોડને સ્કેન કરીને પણ આ ઍક્સેસ કરી શકાય છે:

**સ્થળ : મુંબઈ**
**તારીખ : ૨૬.૦૮.૨૦૨૬**

**એજીસ વોપાક ટર્મિનલ્સ લિમિટેડ**
**સહી/-**
**પ્રિયંકા વૈદ્ય**
**કંપની સચિવ**

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટ્સ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬


Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઈમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



# દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

## ખેરડીનાં નહેરમાં પ્રદૂષિત પાણી છોડતી કંપનીને પંચાયતની નોટીસ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૭ :** દાદરા અને નગર હવેલીના ખેરડી ગ્રામ પંચાયત વિસ્તારમાં નહેરમાં ગંદુ પાણી છોડવાના મામલે ગ્રામ પંચાયત દ્વારા HPCL કંપનીને નોટિસ ફટકારવામાં આવી છે. પંચાયતે કંપનીને ભવિષ્યમાં ખુલ્લામાં અથવા નિયમોની વિરુદ્ધ ગંદુ પાણી ન છોડવા અને તેના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવા સૂચના આપી છે.

૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ જારી કરાયેલી નોટિસમાં જણાવાયું છે કે કંપની દ્વારા નહેરમાં છોડવામાં આવેલું ગંદુ પાણી પંચાયતના ધ્યાન પર આવ્યું છે. આ પ્રકારની બેદરકારીનું પુનરાવર્તન થશે તો નિયમો અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તેની સંપૂર્ણ જવાબદારી કંપનીની રહેશે. આ મામલે સ્થાનિક સ્તરે જળ પ્રદૂષણ તથા પશુ-પક્ષીઓના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ગ્રામજનોએ નહેરના પાણીના નમૂના લઈ તેની તપાસ કરાવવા તેમજ વિસ્તારમાં કાર્યરત અન્ય કંપનીઓ દ્વારા થતા કચરા અને ગંદા પાણીના નિકાલની પણ તપાસ કરવાની માગ કરી છે. જોકે, નહેરના પાણીમાં રાસાયણિક પદાર્થોની હાજરી અને પ્રદૂષણની ગંભીરતાની સત્તાવાર પુષ્ટિ પાણીના નમૂનાઓની તપાસ બાદ જ થઈ શકશે. હવે સંબંધિત વિભાગો દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે તેના પર સૌની નજર છે.

## ચીખલીના વેપારીને ખોટી જમીનો બતાવી રકમ પડાવી લેનાર સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૭ :** ચીખલીના જુના વલસાડ રોડ ખાતે આવેલ વિઠ્ઠલનગર સોસાયટીમાં રહેતા શંકર શ્યામ ભોઈ જેઓ ઘણા લાંબા સમયથી શાકભાજીનો અને બેકરીનો વ્યવસાય કરતા હોય દરમ્યાન આજથી એકાદ વર્ષ પહેલા તેમની બેકરીની દુકાન ઉપર બેસતી દીકરી ઉર્વશી પાસે વારંવાર ઝુબેર ઈકબાલ મેમણ રહે. દિવાન ફળિયા અંભેટા તા. ગણદેવીના એ જણાવેલ કે મારું જમીન લે વેચનું કામકાજ છે તમારે જમીન લેવી હોય તો કહેજો મારી પાસે થાલા ગામમાં મારા સગા ની જમીન છે અને તેનો વહેવાર કરવાનો પાવર મને આપેલ છે તેમ જણાવી ઉર્વશીના પિતા શંકર ભોઈ સાથે વાતચીત કરી તેઓને લાપી લોઝ પીઝાની દુકાન પાસે આવેલ જમીન બતાવેલ અને જમીનની કિંમત રૂપિયા ૧.૧૦ કરોડના વેચાણથી આપવાની હોય તેમ જણાવી ચીખલી સાંઇ ડેરીની સામે આવેલ એન્જલ મેન્સવેર નામની દીલીટ નટુ રાજપુત (પરમાર) ની દુકાને લઈ જઈ ફરિયાદી શંકર ભોઈ તેમજ ઝુબેર મેમણ અને દિલીપ રાજપૂતે થાલા ગામે આવેલ બ્લોક સર્વે નંબર ૪૧૮ વાળી બિન ખેતીની જમીન તથા બ્લોક સર્વે નંબર ૪૪૦ વાળી ખેતીની જમીનની ૭/૧૨ ની નકલ બતાવી હતી જે મહમદ ઈબ્રાહીમ પટેલ ના નામે હોય આ જમીન મારા સગાની હોય જેઓને હમણાં પૈસાની જરૂર હોય તેમ જણાવી ફરિયાદી શંકર ભોઈ પાસેથી રોકડ તથા ચેક થી રૂપિયા ૫૮ લાખ જેટલી માતબર રકમ લઈ તેઓને બનાવટી દસ્તાવેજ આપી તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરતા તેમજ ફરિયાદી દ્વારા પૈસાની માંગણી કરવામાં આવતા ઝુબેર ઈકબાલ મેમણ રહે. અંભેટા દિવાન ફળિયા તા. ગણદેવી તેમજ દિલીપ નટુ રાજપુત રહે. ચીખલી થાલા વિમલ ગેસ્ટ હાઉસની બાજુમાં તા. ચીખલીના ઓએ ફરિયાદી શંકર ભોઈને જાનથી મારી નાખવાની તેમજ પરિવારને ગાયબ કરી દેવાની અને જીવતા નહીં છોડીશું અને આ પૈસાની કોઈને વાત કરશો તો બધાને જાનથી મારી નાખીશું જે બાબતની ધમકી આપતા સદર ઘટનાની ફરિયાદ શંકરભાઈએ ચીખલી પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ચીખલી પોલીસે ઉપરોક્ત બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સેલવાસમાં હંગામી દુકાનો શરૂ કરવા પાલિકાએ અરજીઓ મંગાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૭ :** દીપાવળીના તહેવાર દરમિયાન દીવા, ફૂલો, સુશોભનની લાઈટો અને સંબંધિત સામગ્રીનું વેચાણ કરવા ઈચ્છતા કામચલાઉ વેપારીઓએ સિલવાસા નગરપાલિકા સમક્ષ અરજી કરવાની રહેશે. નગરપાલિકાએ આ અંગે પરિપત્ર જાહેર કરીને બહુમાળી રોડ પર વેચાણ માટે જગ્યા મેળવવા ઈચ્છુક વેપારીઓ પાસેથી જરૂરી વિગતો સાથે અરજીઓ મંગાવી છે. પરિપત્ર મુજબ, વેપારીઓએ અરજીમાં વેચાણના દિવસો, દુકાન શરૂ અને બંધ કરવાનો સમય તેમજ વેચાણની શરૂઆત અને અંતિમ તારીખ સ્પષ્ટ દર્શાવવાની રહેશે. બહુમાળી રોડ પર દરેક વેપારીને વધુમાં વધુ છ ફૂટ જગ્યા ફાળવવામાં આવશે. ફાળવેલી જગ્યા સિવાય અન્ય સ્થળે સામાન મૂકવા, દબાણ કરવા કે રસ્તા પર અવરોધ ઊભો કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. અરજીમાં વેપારીનું નામ, મોબાઈલ નંબર, વેચાણ કરવાની સામગ્રી, જરૂરી દિવસોની સંખ્યા તથા વેચાણની તારીખ અને સમયનો ઉલ્લેખ કરવો ફરજિયાત છે. દીપાવળી દરમિયાન બજારમાં વ્યવસ્થા જાળવવા, નાગરિકોને સુવિધા આપવા અને વાહનવ્યવહાર સરળ રહે તે હેતુથી આ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

## વિયેતનામથી વિદેશમાં મુડી રોકાણ માટે કનુભાઈ દેસાઈની સફળ મુલાકાત



**વાપી, તા.૨૭ :** ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ અને વૈશ્વિક રોકાણને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારના પ્રયાસો તેજ બન્યા છે. આ દિશામાં વિંગ્રુપ એશિયાના CEO ફામ સાન્હ ચાઉ સાથે નાણાંપ્રધાન કનુભાઈ દેસાઈની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં ભારતમાં વિંગ્રુપની હાલની કામગીરીની સમીક્ષા ઉપરાંત ગુજરાતમાં ભવિષ્યમાં રોકાણ અને વ્યાપારિક વિસ્તરણની નવી સંભાવનાઓ પર વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. ખાસ કરીને ઓટોમોબાઈલ, પ્રવાસન, રિયલ એસ્ટેટ અને શિક્ષણ ક્ષેત્રોમાં સહયોગની તકો અંગે ચર્ચા થઈ હતી.

વિંગ્રુપ વિયેતનામનું સૌથી મોટું ખાનગી સમૂહ છે અને તેની ઓટોમોબાઈલ કંપની VinFast મુખ્યત્વે ઈલેક્ટ્રિક વાહનો બનાવે છે. VinFast 2017માં સ્થપાયું હતું અને ૨૦૨૨થી સંપૂર્ણ EV કંપની બની છે. કંપનીનું મુખ્ય પ્લાન્ટ વિયેતનામના હાઈ ફોંગ નજીક કેટ હાઈ ટાપુ પર છે, જેની વાર્ષિક ક્ષમતા આશરે ૩ લાખ EV છે. કંપની કાર ઉપરાંત ઈલેક્ટ્રિક સ્કૂટર, બસ, બેટરી અને ચાર્જિંગ નેટવર્ક પણ વિકસાવે છે.

VinFast ભારતમાં સપ્ટેમ્બર ૨૦૨૫થી કારોબાર કરે છે અને તમિલનાડુના થૂતુકુડીમાં એસેમ્બલી પ્લાન્ટ ચલાવે છે. ભારતમાં તેના મુખ્ય મોડલ VF 6, VF 7, MPV 7 અને Limo Green છે, જેના ભાવ રૂ.૧૮.૧૯ લાખથી શરૂ થાય છે. બેઠકમાં ગુજરાતના મજબૂત ઔદ્યોગિક માળખા, બંદરો, લોજિસ્ટિક્સ અને વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ હેઠળની રોકાણલક્ષી તકો અંગે પ્રકાશ પાડવામાં આવ્યો હતો. રાજ્ય સરકારનો ઉદ્દેશ માત્ર રોકાણ જ નહીં, પરંતુ રોજગારી, ટેક્નોલોજી ટ્રાન્સફર અને કૌશલ્ય વિકાસનો પણ છે. આ પ્રસંગે ફામ સાન્હ ચાઉને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭માં ભાગ લેવા આમંત્રણ અપાયું હતું.

## વાપીના પીઢ તબીબ ડો. ઉપેન્દ્રભાઈ દેસાઈનું નિધન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપીમાં છેલ્લા ૬ દાયકાથી તબીબી ક્ષેત્રે અવિરત સેવા આપનાર પીઢ અને જાણીતા તબીબ તેમજ વાપી સિનિયર સિટીઝન કાઉન્સીલના પ્રથમ પ્રમુખ ડો. ઉપેન્દ્રભાઈ ખંડુભાઈ દેસાઈ ઉ.વ. ૯૧ નું આજે સવારે દુઃખદ અવસાન થયું છે. તેમના નિધનના સમાચારથી વાપીના તબીબી આલમ અને નગરજનોમાં શોકની લાગણી ફેલાઈ છે. તેમની અંતિમયાત્રા તા. ૨૭-૧૦-૨૬ ના રોજ બપોરે ૨ કલાકે અજીતનગર સોસાયટી, વાપીથી નીકળી યુ.પી.એલ. મુક્તિધામ, એન.એચ.૪૮, જી.આઈ.ડી.સી., વાપી ખાતે નીકળી હતી જેમાં મોટી સંખ્યામાં તબીબો, અનાવિલ સમાજ તેમજ વિવિધ સમાજના અગ્રણીઓ અને સિનિયર સીટીઝન કાઉન્સીલના સભ્યો તેમજ તેમના સ્નેહીઓ જોડાયા હતા. ડો. ઉપેન્દ્ર દેસાઈ મૂળ નવસારી જિલ્લાના જલાલપુર તાલુકાના વેસ્માગામના વતની હતાં. તેઓ વાપી ગ્રામ પંચાયતના સમયથી વાપીના મુખ્ય બજારમાં તેમના કલીનીક પર તબીબી સેવા આપતા હતા. ડો. ઉપેન્દ્ર દેસાઈએ પોતાના લાંબા તબીબી કાર્યકાળ દરમિયાન મોટી સંખ્યામાં દર્દીઓની સેવા કરી હતી અને વાપીના લોકોના ફેમિલી ડોક્ટર તરીકે આગવી ઓળખ ઉભી કરી હતી. તેમના જૈફ વયે નિધનથી વાપીએ વધુ એક પીઢ, અનુભવી અને સેવાભાવી તબીબની ખોટ સહન કરવી પડશે. તેમના મોટા દિકરા ડો. ચેતન દેસાઈ વાપીમાં દવાખાનુ ચલાવે છે જયારે મોટા પુત્ર જતિન દેસાઈ મહારાષ્ટ્ર ખાતે સ્થાયી થયા છે.

## વલસાડમાં પુરપીડિતોને સહાય ન મળતાં માજી પાલિકા પ્રમુખે હાઈકોર્ટમાં જવાની ચીમકી આપી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ શહેરમાં ઔરંગા નદીમાં આવેલા ભયાનક ઘોડાપૂરને ત્રણ મહિના જેટલો સમય વીતી જવા છતાં હજુ સુધી અનેક ગરીબ અને અસરગ્રસ્ત પૂરપીડિતોને સરકાર દ્વારા જાહેર કરાયેલી સહાય ન મળતાં ભારે રોષ ફેલાયો છે. આ મામલે વલસાડ નગરપાલિકાના માજી પ્રમુખ રાજેશભાઈ મંગુભાઈ પટેલ (રાજુ મરચાં) તેમજ વોર્ડ નં. ૨ ના સ્થાનિક રહીશો દ્વારા વલસાડ મામલતદાર અને કલેક્ટર ને લેખિત રજૂઆત કરી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. અરજીમાં જણાવ્યું કે પૂર બાદ સરવે પૂર્ણ થયો હોવા છતાં અને ફોર્મ ભરાયા હોવા છતાં અંદાજે ૩૦ થી ૪૦ ટકા પૂરપીડિતોને હજુ સુધી સરકાર તરફથી મળવાપાત્ર રોકડ સહાય (કેશડોલ) મળી નથી. જેમાં ખાસ કરીને નદી કાંઠા વિસ્તાર ગણાતા વોર્ડ નંબર ૨ તેમજ હનુમાન ભાગડા, લીલાપોર, મોગરાવાડી, કૈલાશ રોડ, ગ્રીનપાર્ક અને ડૉનડીયા ટેકરા જેવા વિસ્તારોમાં ઘરોમાં ૧૫ થી ૨૦ ફૂટ જેટલા પાણી ભરાઈ જવાથી ગરીબોની તમામ ઘરવખરી નાશ પામી હતી. સરકારે જાહેર કરેલી ૬,૮૦૦ (૫,૦૦૦, ૧,૮૦૦) ની સહાયની રકમ આ અસરગ્રસ્તોના ખાતામાં હજુ જમા થઈ નથી.

રજૂઆતમાં વધુમાં આક્ષેપ કરાયો છે કે, જરૂરિયાતમંદ અને અસલ હકદાર ગરીબોના નામ યાદીમાંથી કમી કરી દેવાયા છે અને જેમના ઘરમાં પાણી નહોતા ભરાયા તેવા લોકોને સહાય ચૂકવાઈ હોવાની લોકચર્ચા ચાલી રહી છે, જેમાં મોટા ભ્રષ્ટાચારની આશંકા છે. પાલિકાને ફાળવેલી ગ્રાન્ટમાંથી તાત્કાલિક ચૂકવવાપાત્ર રકમ પણ પીડિતો સુધી પહોંચી નથી.

માજી પ્રમુખ અને સ્થાનિક આગેવાનોએ વહીવટી તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો તાત્કાલિક અસરથી બાકી રહી ગયેલા તમામ પીડિતોનો ફરીથી સરવે કરાવી સહાયની રકમ ચૂકવવામાં નહીં આવે, તો નગરપાલિકા અને વહીવટી તંત્ર વિરુદ્ધ ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી કાયદાકીય લડત લડવામાં આવશે.

## વાપી નોટિફાઈડના યુવા ફાયરમેનનું હાર્ટ એટેકથી નિધન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી જીઆઈડીસી નોટિફાઈડ ફાયર સ્ટેશનમાં છેલ્લા પાંચ વર્ષથી ફરજ બજાવતા લીડિંગ ફાયરમેન ગામીત વિરેન્દ્રકુમાર ચીમનભાઈ ઉ.વ. ૩૦ નું હાર્ટ એટેક આવતા દુઃખદ અવસાન થયું છે.

મૂળ વાંસદા તાલુકાના કુરેલીયા ગામના વતની વિરેન્દ્રકુમાર હાલ વાપી નોટિફાઈડ ફાયર સ્ટેશનના ક્વાર્ટરમાં પરિવાર સાથે રહેતા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ગત તા. ૨૪-૧૦-૨૦૨૬, શનિવારના રોજ તેઓ સ્નાન કરી રહ્યા હતા તે સમયે અચાનક છાતીમાં દુખાવો ઉપડતા તેઓ ઢળી પડ્યા હતા. આ બનાવની જાણ થતાં જ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સેલવાસની નમો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જયાં ટૂંકી સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બનાવની જાણ તરત જ જવાનના પરિવારને કરવામાં આવી હતી. યુવાન વયે ફાયર જવાનના અવસાનથી ફાયર વિભાગમાં શોકની લાગણી ફેલાઈ છે. વાપી નોટિફાઈડ ફાયર સ્ટેશનના સ્ટાફ દ્વારા દિવંગત જવાનને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

## વલસાડ બીડીસીએ દ્વારા મેન્સ અંડર-૧૪ ટીમ સિલેક્શન કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજિત રિલાયન્સ અંડર ૧૪ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે બલસાર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા વલસાડ જિલ્લાની અંડર-૧૪ ટીમનું સિલેક્શન તા. ૦૧-૧૧-૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૮-૦૦ કલાકે વલસાડના સરદાર પટેલ સ્ટેડીયમમાં યોજવામાં આવનાર છે. જે ખેલાડીની જન્મ તારીખ ૦૧-૦૯-૨૦૧૨થી ૩૧-૮-૨૦૧૪ દરમ્યાન હશે. તે ખેલાડીજ ઉપરોક્ત સિલેક્શનમાં ભાગ લઈ શકશે. ઉપરોક્ત સિલેક્શનમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડી એ ક્રિકેટ યુનિફોર્મ (વ્હાઈટ) ડ્રેસ માં સરદાર સ્ટેડિયમ વલસાડ ખાતે તારીખ ૦૧-૧૧-૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૮-૦૦ કલાકે હાજર રહેવા બીડીસીએના મંત્રી જનકભાઈ દેસાઈ અખબાર યાદીમાં જણાવે છે.

## મગોદમાં એસટી બસની સુવિધાના અભાવે ગ્રામજનોને હાલાકી

### વિદ્યાર્થીઓ, મહિલાઓ તથા નોકરીયાત લોકો માટે સુવિધા આપવા ડેપો મેનેજરને રજૂઆત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ તાલુકાના મગોદ ગામમાં લાંબા સમયથી પૂરતા વાહનો કે સરકારી એસટી બસની વ્યવસ્થા ન હોવાથી સ્થાનિક ગ્રામજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સમસ્યાથી ત્રસ્ત થયેલી ગામની મહિલાઓએ રજૂઆતનો માર્ગ અપનાવી તંત્ર સમક્ષ અવાજ ઉઠાવ્યો છે. વલસાડ તાલુકા ના મગોદ ગામથી વલસાડ શહેર તરફ દરરોજ ઘરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતી શ્રમિક મહિલાઓ, શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓ તેમજ નોકરિયાત વર્ગ મોટા પ્રમાણમાં અવરજવર કરે છે. વાહનોની પૂરતી સુવિધા ન હોવાથી મુસાફરોને વાહનની રાહ જોવામાં જ બે-બે કલાક સુધી ઊભા રહેવું પડે છે,

જેના કારણે નોકરી-ધંધા અને અભ્યાસના સ્થળે પહોંચવામાં ભારે વિલંબ થાય છે. આ રોજિંદી મુશ્કેલીઓનો કાયમી ઉકેલ લાવવા માટે મગોદ ગામની મહિલાઓનું એક પ્રતિનિધિમંડળ વલસાડ એસટી બસ સ્ટેશન માં પહોંચ્યું હતું. મહિલાઓએ બસ સ્ટેશન મેનેજરને રૂબરૂ મળી ગામમાં વહેલી તકે નિયમિત બસ સેવા શરૂ કરવાની માંગ સાથે લેખિત-મૌખિક રજૂઆત કરી હતી.

મહિલાઓની રજૂઆત સાંભળી બસ સ્ટેશન મેનેજરે હકારાત્મક વલણ દાખવી સંબંધિત રૂટ પર ટૂંક સમયમાં બસની વ્યવસ્થા ઊભી કરી આપવાની ખાતરી આપી હતી. જોકે, તંત્ર દ્વારા અપાયેલું આ આશ્વાસન ક્યારે અમલમાં આવે છે અને મગોદ ગામના લોકોને ક્યારે બસ સેવાનો લાભ મળશે કે પછી એમ જ આ મહિનાઓએ ખાનગી વાહનોમાં જવાની ફરજ પડશે.

## ડુંગરીના આરોગ્ય અધિકારીનો મોબાઈલ ટ્રેનમાંથી ચોરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૭ :** વિરાર-ભરૂચ મેમુ ટ્રેનમાં મુસાફરી દરમિયાન બેગની ચેઈન ખોલીને Redmi-9 Pro મોબાઈલની ચોરી થઈ છે. ફરિયાદી અવકાશી રાજુભાઈ પટેલે ફરિયાદ નોંધાવી છે.

પટેલ મરોલી ખાતે આરોગ્ય અધિકારી તરીકે નોકરી કરે છે અને વૃંદાવન સોસાયટી, ડુંગરી, વલસાડમાં પરિવાર સાથે રહે છે. તા. ૨૫/૧૦/૨૦૨૬ ના સવારે તેઓ નોકરીએ જવા ડુંગરી સ્ટેશનથી ટ્રેન નં. ૧૯૧૦૧ માં બેઠા હતા. નવસારી સ્ટેશને મોબાઈલ બેગમાં મૂકી ચેઈન બંધ કરી હતી. સવારે ૮:૪૦ આસપાસ મરોલી સ્ટેશન આવતા ઉતરવા જતા બેગમાં મોબાઈલ ગાયબ હતો. શોધવા છતાં મળ્યો નહીં. ભીડનો લાભ લઈ કોઈ અજાણ્યા ચોરે ચોરી કરી હોવાની શંકા છે. મોબાઈલની કિંમત રૂ. ૧૮,૦૬૮ છે. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## દમણના સાંસદે પંચાયત અધિકારો અને માછીમારોના દેવા માફી માટેની માંગ કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૨૭ :** દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ પટેલે મંગળવારે નવી દિલ્હીમાં કેન્દ્ર સરકારના સંબંધિત વરિષ્ઠ સચિવો સાથે મુલાકાત કરી હતી અને દીવના માછીમારોને બેંક લોન આપવા અને દાદરા અને નગર હવેલી અને દમણ-દીવના ગામ અને જિલ્લા પંચાયતોના અધિકારો પુનઃસ્થાપિત કરવાના મુદ્દાઓ ઉઠાવ્યા હતા. સાંસદે બંને મુદ્દાઓ પર તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી હતી અને સમયબદ્ધ ઉકેલ પર ભાર મૂક્યો હતો.



સાંસદ પટેલે મત્સ્યઉદ્યોગ વિભાગના સચિવ ડૉ. અભિલક્ષ લિખીને મળ્યા અને તેમને માહિતી આપી કે રાષ્ટ્રીય મત્સ્યઉદ્યોગ વિકાસ બોર્ડ (NFDB) એ દીવના માછીમારો માટે આશરે ૧૫ કરોડના ૧૬ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે, પરંતુ બેંક લોન મેળવવામાં વિલંબને કારણે લાભાર્થીઓ યોજનાઓનો લાભ મેળવી શકતા નથી. તેમણે બાકી લોન અરજીઓનો ઝડપી નિરાકરણ, સંબંધિત વિભાગો અને બેંક અધિકારીઓની સંયુક્ત બેઠક અને દીવમાં એક ખાસ લોન સહાય શિબિરનું આયોજન કરવાની માંગ કરી. સાંસદે ૧૫ દિવસમાં કાર્યવાહી અહેવાલ પણ માંગ્યો. સાંસદે દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં ગ્રામ પંચાયતો અને જિલ્લા પંચાયતોની વહીવટી અને નાણાકીય સત્તાઓનો મુદ્દો પણ ઉઠાવ્યો. સાંસદે પંચાયતોને નિયમિત નાણાકીય અનુદાન પૂરું પાડવા, સ્થાનિક આવકના સ્રોતોને મજબૂત બનાવવા અને ભંડોળ, કાર્યો અને કર્મચારીઓના અસરકારક ટ્રાન્સફરની ખાતરી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે ૩૦ દિવસની અંદર કાર્યવાહી અહેવાલ અને સુધારાઓ માટે સમયરેખાની પણ માંગ કરી.

## અમલસાડની બોકડિયા ખાડીમાં પ્લાસ્ટિક વેસ્ટ નાંખતા લોકોમાં રોષ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૨૭ :** ગણદેવી-અમલસાડ માર્ગ પર આવેલી બોકડિયા ખાડીના કિનારે ગેરકાયદે પ્લાસ્ટિક વેસ્ટ ઠાલવવાની ઘટનાએ જાણે હેટ્રિક નોંધાવી છે. સોમવાર સાંજે અજાણ્યા વાહનમાં પ્લાસ્ટિક વેસ્ટનો જથ્થો લાવી ફરીથી કચરો ઠાલવવામાં આવતાં સ્થાનિકો અને પર્યાવરણ પ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે.



સતત ત્રીજી વખત બનેલી આ ઘટના છતાં તંત્રની અસરકારક કાર્યવાહીનો અભાવ જોવા મળતાં પાલિકા અને પોલીસની કામગીરી સામે સવાલો ઊઠ્યા છે.

બોકડિયા ખાડીનો જળપ્રવાહ અંબિકા નદીમાં ભળતો હોવાથી પ્લાસ્ટિકનો કચરો નદી અને દેવધા ડેમના જળસ્રોતોને પ્રદૂષિત કરવાનું જોખમ ઊભું કરી શકે છે. ઉપરાંત ખાડીના કુદરતી જળપ્રવાહમાં અવરોધ સર્જાવાની ભીતિ પણ છે. અંબિકા નદી બચાવો સમિતિ દ્વારા અગાઉ રજૂઆતો કરવા છતાં આવી ઘટનાઓ અટકતી ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ગણદેવી-અમલસાડ માર્ગ પરના સીસીટીવી કેમેરાનાં ફૂટેજ તપાસી કચરો ઠાલવનાર વાહન અને જવાબદાર ઈસમોની ઓળખ કરવામાં આવે તથા તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઊઠી છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પાલિકા અને પોલીસ તંત્ર તાત્કાલિક પગલાં ભરી સ્થળની દેખરેખ વધારે તે જરૂરી બન્યું છે. જાહેર જળસ્રોતને પોતાની ખાનગી કચરાપેટી સમજી ગંદકી ફેલાવનારાઓ સામે તંત્ર ક્યારે કડક કાર્યવાહી કરશે,

તેવો સવાલ સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યો છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**